Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૪ મું. સંવત ૨૦૦૩.

આત્મ સં. ૫૧

અંક ૧૧ મો. જયેષ્ઠ : જુન.

પ્રકાશન તા. ૧-૬-૧૯૪૭

સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.

વાર્ષિક લવાજમ રૂ. ૧-૧૨-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર : —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા.


| | | | |
|---|---|---|---|
| ૧ | અધ્યાત્મ ઓચ્છવ ગીત ... ... ... | મુનિરાજ શ્રી દક્ષવિજયજી મહારાજ | ૧૮૭ |
| ૨ | શ્રી સિદ્ધસેનસૂરિજીકૃત ( બત્રીશ બત્રીશીઓ ) ... | આચાર્ય શ્રી વિજયપદ્મસૂરિજી | ૧૮૮ |
| ૩ | જ્ઞાનગીતા ... ... ... ... ... | અમરચંદ માવજી શાહ | ૧૯૧ |
| ૪ | યોગ મીમાંસા ... ... ... ... | ...સં. મુનિશ્રી પુણ્યવિજયજી મ૦ | ૧૯૨ |
| ૫ | ધર્મ કૌશલ્ય ... ... .. ... ... ... ... | મૌક્તિક | ૧૯૩ |
| ૬ | યાત્રા નવાણું દિવસ... ... ... ... ... ... ... | ચોકસી | ૧૯૭ |
| ૭ | શ્રી હેમચંદ્રાચાર્યે કુમારપાળને કરેલો પ્રતિબોધ ... | ...મુનિ લક્ષ્મીસાગરજી મહારાજ | ૨૦૦ |
| ૮ | સાક્ષરવર્ય મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજે સર્વધર્મ પરિષદ અમદાવાદમાં આપેલું વ્યાખ્યાન ... ... ... ... ... ... | | ૨૦૧ |
| ૯ | પ્રગતિના પંથે ... ... | ( શ્રી શકુન્તલા કાન્તિલાલ જૈન ગર્લ હાઈસ્કુલ-મુંબઇ ) | ૨૦૨ |
| ૧૦ | શ્રી આનંદઘનજીકૃત મહાવીર સ્તવન ... ... ... ... | ...શ્રી લાલન | ૨૦૩ |
| ૧૧ | વર્તમાન સમાચાર ... ... | આ સભાનો ૫૧ મો વાર્ષિક મહોત્સવ વગેરે | ૧૯૯-૨૦૫ |
| ૧૨ | ઇનામી નિબંધ ... ... ... ... ... ... ... ... | | ૨૦૬ |


## નવા થયેલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧ શેઠ નાનચંદ મૂળચંદ | ( ૧ ) લાઇફ મેમ્બર | મુંબઇ |
| ૨ શ્રીમતી કંચનબ્હેન અમુલખભાઇ કપાસી | ( ૧ ) ,, | લીંબડી |
| ૩ શેઠ જેસંગભાઇ વરજીવનદાસ | ( ૧ ) ,, | અમદાવાદ |

## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને નમ્ર સુચના.

ગયા શ્રી આત્માનંદ પ્રકાશના અંકમાં જણાવ્યા મુજબ અમારા લાઇફ મેમ્બર બંધુઓને ધારા પ્રમાણે **શ્રી સંઘપતિ ચરિત્ર** અને **શ્રી મહાવીર પ્રભુના યુગની મહાદેવીઓ** એ બે સચિત્ર સુંદર ગ્રંથો ધારા પ્રમાણે ભેટ મોકલવાનું કાર્ય શરૂ કરવામાં આવેલ છે, જેના પ્રથમથી પત્રદ્વારા ખબર આપવામાં આવેલ છે. એક માસ સુધીમાં જે લાઇફ મેમ્બર બંધુઓને તે બે ગ્રંથો ભેટ ન મળ્યા હોય તેમણે અમોને જણાવવા નમ્ર સુચના છે.

**સેક્રેટરીઓ,**

શ્રી જૈન આત્માનંદ સભા.

**બીજા વર્ગના થયેલા લાઇફ મેમ્બરો**—બીજા રૂા. ૫૦) મોકલી પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થનારને આ ગ્રંથો ભેટ આપવામાં આવશે. **આ માસની આખર સુધી નવા થનારા લાઇફ મેમ્બર બંધુઓને** પાછળ જણાવેલ રૂા. ૧૦) ની કિંમતના બંને ગ્રંથો ધારા પ્રમાણે ભેટ મળશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૩. | જયેષ્ઠ | પુસ્તક ૪૪ મું. |
| વિક્રમ સં. ૨૦૦૩. | :: ઇ. સ. ૧૯૪૭ મે :: | અંક ૧૧ મો. |

## આધ્યાત્મિક ઓચ્છવ–ગીત.

[ લાખ લાખ દીવડાની આરતિ ઉતારજો–એ રાહ. ]

( રાગ–કાફી મિશ્ર. તાલ–હિંચ. )

અંતરંગ ભાવનાની આંગીઓ રચાવજો,
શિવસુખ કારણુ સદાય..........
ઉજવીએ ઓચ્છવ આનંદના ( ટેક૦ )

દેવ-ગુરુભક્તિની માળા ગુંથાવજો,
એક તાર ગુણે ગુંથાય..............
ભલે નીર ખીર ન્યારે નચાય;
ઉજવીએ ઓચ્છવ આનંદના. અંતરંગ૦ ( ૧ )

પૂજો પૂજો ચરણુ વીતરાગનાં,
બાંધો તોરણિયાં ગુણાનુરાગનાં..........
મૈત્રીની બંસી બજાય, રંગે દાન શીલ જ્યોતિ જગાય;
ઉજવીએ અવસર આનંદના. અંતરંગ૦ ( ૨ )

વિનય વિવેકનાં વાજાં વગડાવજો, સમકિતકેરા ગુલાલો ઉડાડજો;
**નેમિ-લાવણ્યસૂરિ** રાય, તાસ **દક્ષ** ઉક્તિ ઉર લાય,
ઉજવીએ અવસર આનંદના. અંતરંગ૦ ( ૩ )

રચયિતા—**મુનિરાજશ્રી દક્ષવિજયજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિના ઉપલબ્ધ ગ્રંથોનો ટૂંક પરિચય

# બત્તીસાબત્તીસી (દ્વાત્રિંશદ્વાત્રિંશિકા—બત્રીશ બત્રીશીઓ)

લે૦—આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ

( ગતાંક પૃષ્ઠ ૧૭૧ થી ચાલુ )

૨. દ્વાત્રિંશિકા—અહીં પરવાદીઓ જે જે પદાર્થોના સ્વરૂપમાં સ્યાદ્વાદ શૈલીથી વિરુદ્ધ પ્રરૂપણા કરે છે તેમાંના કેટલાએક પદાર્થોના ખંડન કરવાના ઇરાદાથી પ્રભુશ્રી મહાવીર દેવને પોતાને અનુકૂલ વિશેષણો આપી સ્તવ્યા છે. જુદા જુદા સ્તુતિના પ્રસંગે અન્ય દર્શનના વિચારો જણાવી માર્મિક શૈલીથી ખંડન કરી તેરમા શ્લોકમાં જૈન શાસન પ્રત્યે, અને પ્રભુશ્રી મહાવીર દેવ પ્રત્યે અપૂર્વ વાસ્તવિક—યુક્તિસંગત દૃઢ શ્રદ્ધાભાવ જણાવ્યો છે.

॥ वसंततिलका ॥

**सद्धर्मबीजवपनानघकौशलस्य,**
**यल्लोकबांधव ! तवापि खिलान्यभूवन् ॥**
**तन्नाद्भुतं खगकुलेष्विह तामसेषु**
**सूर्यांशवो मधुकरीचरणावदाताः ॥ १३ ॥**

હે પ્રભો ! ભવ્ય જીવોના હૃદયરૂપી ક્ષેત્રમાં સદ્ધર્મરૂપી બીજનું વાવેતર કરવામાં આપ અદ્વિતીય કુશલ છો, છતાં કેટલાએક જીવો નહિ ખેડાયેલી ભૂમિ જેવા જિન ધર્મને પામ્યા વિનાના રહી ગયા, તે બાબતમાં મને કંઇ પણ આશ્ચર્ય લાગતું નથી; કારણ કે—સૂર્યના કિરણો જગતમાં તમામ સ્થલે પ્રકાશ કરે, ને ચારે બાજુ અંધારું અંધારું જ દેખનારા ઘુવડોને તે સૂર્યના કિરણોની લગાર પણ અસર ન થાય. તેમાં સૂર્યનો શો દોષ ? એમાં ઘુવડનો કર્મ દોષ જ ગણાય. આપ જેવા મહાપ્રભાવશાલી ધર્મોપદેશક છતાં કેટલાએક ભારેકર્મી જીવો સમ્યગ્દર્શનાદિ ધર્મ બીજ ન પામે તેમાં તે જીવોનો કર્મ દોષ જ કારણ છે. એમ હું માનું છું. ઘુવડને સૂર્યના કિરણો ભમરીના પગ જેવા કાળા માલૂમ પડે છે. એ જણાવવા આ શ્લોકમાં '**मधुकरीचरणावदाताः**' આવું વિશેષણ આપી કિરણો ઓળખાવ્યા છે. અહીં ૩૧ શ્લોકો વસંતતિલકા છંદમાં ને છેલ્લો શ્લોક પૃથિવી છંદમાં છે.

૩. દ્વાત્રિંશિકા—અહીં ૩૧ શ્લોકો પૃથિવી છંદમાં અને છેલ્લો શ્લોક હરિણી છંદમાં છે.

૪. ચોથી દ્વાત્રિંશિકા—અહીં ૩૧ શ્લોકો વૈતાલીય છંદમાં, ને છેલ્લો શ્લોક ઉપજાતિ છંદમાં છે. અહીં દિવાકરજી મહારાજે જે પંદરમા શ્લોકમાં પ્રભુ શ્રી મહાવીર દેવને ઉદ્દેશીને શ્રી જૈનેન્દ્ર શાસનની વિશાલતા જણાવવાના આશયથી અપૂર્વ ભક્તિભાવે જણાવ્યું છે કે—

॥ वैतालीयच्छंदः ॥

**उदधाविव सर्वसिंधवः,**
**समुदीर्णास्त्वयि सर्वदृष्टयः ॥**
**न च तासु भवानुदीक्ष्यते,**
**प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥ १५ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—હે નાથ! જેમ સમુદ્રમાં સર્વ નદીઓ સમાઇ જાય, તેમ સર્વ દર્શનો તમારા જૈનદર્શનમાં સમાઇ જાય છે, પણ જેમ છૂટી છૂટી નદીઓમાં સમુદ્ર ન સમાય, તેમ બીજા પ્રત્યેક સાંખ્યાદિ દર્શનોમાં જૈન દર્શન ન સમાય. એટલે એક-નિષ્પક્ષપાત સ્યાદ્વાદ દર્શન જ બીજા સર્વ દર્શનોને યથાર્થ ન્યાય આપવા સમર્થ છે. આ જ રહસ્યને કંઇક રૂપાંતરથી કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીએ આ શ્લોકમાં જણાવ્યું છે.

॥ उपजाति वृत्त ॥

**अन्योऽन्यपक्षप्रतिपक्षभावा-**
**द्यथापरे मत्सरिणः प्रवादाः ॥**
**नयानशेषानविशेषमिच्छन् ।**
**न पक्षपाती समयस्तथा ते ॥ १ ॥**

અર્થ—અદ્વિતીય, પરમ પ્રભાવશાલી, વિશ્વમંડલવિજયવંત, સર્વવ્યાપિ, સત્યાર્થદર્શક શ્રી જૈનેન્દ્ર દર્શન તમામ બીજા દર્શનોમાં શ્રેષ્ઠ ગણાય છે. તેના ૧ નિષ્પક્ષપાતી દર્શન, ૨ અનેકાંત દર્શન, ૩ સ્યાદ્વાદ દર્શન એવા અનેક નામો વિવિધ ગ્રંથોમાં દેખાય છે. આ બાબતમાં વિવિધ પ્રકારે સચોટ પદાર્થ તત્ત્વને સમજાવવા માટે સંસ્કૃતાદિ ભાષામાં સવા ક્રોડ શ્લોકપ્રમાણ વિવિધ ગ્રંથો બનાવી સમસ્ત વિશ્વમંડલમાં જેઓશ્રીએ અનહદ ઉપકાર કર્યો છે તેમજ જેઓશ્રીના સંબંધમાં પુનાની ડૅક્કન કોલેજના પ્રોફેસર ડૉ૦ પીટર્સને હાઇસ્કુલમાં ભણતા બ્રાહ્મણ વિદ્યાર્થીઓની પાસે ભાષણ કરતાં આ પ્રમાણે જણાવ્યું હતું કે-હે મારા વ્હાલા વિદ્યાર્થીઓ! આજે હું જે મહાપુરુષનું ચરિત્ર કહેવા માટે તમારી આગળ ઉપસ્થિત થયો છું તે સાંભળવામાં લગાર પણ બેદરકારી કરશો નહિ. જો કે તે મહાપુરુષ તમારા (બ્રાહ્મણ) ધર્મના ન હતા, તો પણ ખુલ્લા દિલે સ્પષ્ટ શબ્દોમાં મારે કહેવું જોઇએ કે-આ ભાગ્યશાલિ ભારતભૂમિના ચળકતા કોહીનૂર (હીરો) હતા. તે કોણ? આ પ્રશ્નના જવાબમાં સમજી લેવું કે-"કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ." આ પ્રમાણે જેઓશ્રીની ઇતર સમર્થ વિદ્વાનોએ પણ મુક્તકંઠે પ્રશંસા કરી હતી. તેમ જ શબ્દશાસ્ત્ર (વ્યાકરણ) વગેરે વિષયોમાંનો એક પણ એવો અવશિષ્ટ (બાકી રહી ગયેલો) વિષય (બાબત) નથી, કે જેની ઉપર તેઓશ્રીએ પોતાની લેખિની (લેખણ) ન ચલાવી હોય. આવા બાલબ્રહ્મચારી, સદ્ગુણસંપન્ન, વિશાલપ્રતિભાશાલી તે શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકાના આ શ્લોકમાં ચરમતીર્થંકર પ્રભુદેવ શ્રી મહાવીર પરમાત્માની સ્તુતિ કરતાં જણાવ્યું છે કે-હે પ્રભો! જ્યારે સાંખ્યમીમાંસકાદિ બીજા દર્શનો એવા છે કે, જેઓ એક બીજાના મત(વિચાર)નું કાતરની માફક ખંડન કરવામાં જ (નહિં કે મંડન કરવામાં) બ્હાદુરી માની રહ્યા છે, અને અકેક નયના વિચારને ગેરવ્યાજબી છતાં વ્યાજબી ગણીને જુદા જુદા નામને ધારણ કરે છે. અહીં દૃષ્ટાંત તરીકે સમજવું કે-એકલા ઋજુસૂત્રનય નામના ચોથા નયના વિચારને આધારે બૌદ્ધ દર્શન પ્રકટ થયું, બીજા સંગ્રહ નયમાંથી વેદાંતમત પ્રકટ થયો. તથા પહેલા નૈગમનયમાંથી સાંખ્યનો યોગ મત અને વૈશેષિક મત (આ બે મત) પ્રકટ થયા. અને શબ્દ બ્રહ્મજ્ઞાનીનો મત શબ્દ નયમાંથી પ્રકટ થયો પરંતુ જૈન દર્શન એક એવું ઉત્તમ દર્શન છે કે-જે સર્વનયોથી ગુંથાયેલું છે, એટલે તમામ નયોને ભેગા કરીને દરેકની માન્યતાનો સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરી યથાર્થતાનો નિર્ણય કરી પ્રત્યેક પદાર્થના અબાધિત-સ્પષ્ટ સ્વરૂપને જણાવે છે, માટે જ તે બધા દર્શનોમાં ઘણું શ્રેષ્ઠ છે, એમ પ્રત્યક્ષ દેખાય છે. આ બાબતમાં ઘણાં ન્યાય ગ્રંથોમાં કહ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

**बौद्धानामृजुसूत्रतो मतमभू-**
**द्वेदांतिनां संग्रहात्।**
**सांख्यानां तत एव नैगमनया-**
**द्योगश्च वैशेषिकः॥**
**शब्दब्रह्मविदोऽपि शब्दनयतः**
**सर्वैर्नयैर्गुम्फिता।**
**जैनी दृष्टिरितीह सार तरता,**
**प्रत्यक्षमुद्वीक्ष्यते ॥ १ ॥**

( આનો અર્થ ઉપર જણાવી દીધો છે. )

આ પ્રમાણે જેમ તેઓ જુદા જુદા નામને ધારણ કરે છે, તેમ, 'મારું એ સાચું.' આ કહેવત પ્રમાણે અઘટિત વિચારને પણ સાચો ઠરાવવાને માટે ખૂબ તનતોડ મહેનત કરે છે અને છેવટે પૂર્ણ સમજણના અભાવે વિવક્ષિત પદાર્થ તત્ત્વનો ખરેખરો સંગીન નિર્ણય ન થાય ત્યારે તેઓ સ્વમતના પક્ષપાતી બનીને એક બીજાની તરફ જાણે ઇર્ષ્યાભાવ કે અભિમાન ધારણ ન કરતા હોય તેવા દેખાય છે. આ બધાંએ દર્શનો કરતાં ન્યાયાધીશ જેવું જૈનદર્શન કોઇપણ દર્શનનો પક્ષપાત રાખ્યા વગર સાચી ભૂલ યથાયોગ હેતુ-યુક્તિપુરસ્સર સમજાવીને દરેક નય( દર્શન )ને સન્માર્ગમાં ચાલવા શાંતિભરી શિખામણ આપે છે. આ મુદ્દાથી આપનું પરમ પવિત્ર ત્રિપુટીશુદ્ધ જૈન દર્શન નિષ્પક્ષપાતી કહેવાય, એમાં નવાઈ શી? અને આપે તે કેવલજ્ઞાન પ્રકટ થયા બાદ જ પ્રકાશ્યું છે, તેથી તેમાં કોઈ પણ બાબતની લગાર પણ ઓછાશ સંભવતી જ નથી. આ પ્રસંગે એ પણ જરૂર યાદ રાખવા જેવું છે કે-જેવી રીતે એક પૈડાથી રથ ચલાવાય જ નહિ અને એક હાથથી તાલી વાગે નહિ, તથા એક સૂતરના તાંતણાંથી કૂવામાં પડેલા પદાર્થને ( લોટો વિગેરેને ) બ્હાર કાઢી શકાય જ નહિ, તેમ તમામ દ્રવ્યાદિનો સચોટ સત્ય બોધ એકેક નયના વિચારે કદાપિ થાય જ નહીં.

આ શ્લોક-( ઉદધાવિવેત્યાદિ શ્લોક ) મલધારી હેમચંદ્રસૂરિજી મહારાજે અનુયોગદ્વારની ટીકામાં પણ ઉચિત પ્રસંગ જણાવ્યો છે.

૫. પાંચમી દ્વાત્રિંશિકા-અહીં શરૂઆતના ૩૦ શ્લોકો ઉપજાતિમાં, ૩૧ મો શ્લોક મન્દાક્રાન્તામાં, ૩૨ મો શ્લોક પુષ્પિતાગ્રા છંદમાં છે. અહીં પ્રભુશ્રી મહાવીરદેવની દીક્ષા લીધા પહેલાંની પરિસ્થિતિ, દીક્ષાનો અવસર, વિહાર, ઉપસર્ગાદિ પ્રસંગે ક્ષમાદિ પાલન, કેવલજ્ઞાન પામી અપૂર્વ દેશના દઇને કરેલી ધર્મવૃદ્ધિ વગેરે સ્વરૂપે પ્રભુદેવના જીવનનું ટૂંક વર્ણન કાવ્યદૃષ્ટિએ ગંભીરાર્થની સંકલના કરી જણાવ્યું છે. તેમજ અહીં શરૂઆતમાં આદ્ય શ્લોકમાં સ્તુતિ કરવાનો ખરો આશય ખુલ્લા દિલથી જણાવ્યો છે. આગળ દશમા અગિયારમા તથા બારમા શ્લોકમાં દિવાકરજીએ દીક્ષા પ્રસંગે પ્રભુદેવની મનોદૃઢતા ટૂંકમાં વર્ણવતાં કહ્યું છે કે-હે પ્રભો! જ્યારે આપશ્રીજીએ દીક્ષા લીધી તે વખતે સ્નેહી સ્રીઓના તથા પ્રજાના વિલાપાદિ સાંભળતા છતાં આપનું મન તે તરફ લગાર પણ ખેંચાયું નહિ. વગેરે બીના અપૂર્વ બોધ આપનારી જુદા જુદા અભિપ્રાયે આગળ પણ જણાવી બત્રીશી પૂર્ણ કરી છે. દશમા શ્લોક વગેરેને અંગે અન્યત્ર જણાવ્યું છે કે-કવિ કાલિદાસે કુમારસંભવ, રઘુવંશમાં લગ્ન ભાવનાનું ઔચિત્ય જણાવવા મહાદેવ અને અજના લગ્નકાલીન નગરપ્રવેશનો પ્રસંગ લઇ તેથી હર્ષઘેલી થયેલી નારીઓના અવલોકન કૌતુકનું જે માર્મિક શબ્દ ચિત્ર ખેંચ્યું છે, તેવું ચિત્ર બૌદ્ધ અશ્વઘોષના કાવ્યમાં અને શ્રી દિવાકરજીની આ દ્વાત્રિંશિકામાં પણ જણાય છે, પરંતુ દ્વાત્રિંશિકાદિમાં તફાવત એ છે કે તેના કર્તાઓ ત્યાગ ધર્મી હોવાથી તે ચિત્ર છેવટે વૈરાગ્યાદિ

For Private And Personal Use Only

# જ્ઞાન ગીતા શતક.

( ગતાંક પુષ્ઠ ૧૭૮ થી શરુ )

એકાન્ત નિશ્ચય માને, વ્યવહાર તોડે તાને; ચડે ક્યાંથી કહો ધ્યાને, સાધનનાં ત્યાગમાં.
શુષ્કતા છવાઈ જાય, આતમા ખોવાય જાય; વર્તમાન દશામાંય, નિશ્ચયનાં રાગમાં.
એ ચક્રોથી ચાલે રથ, કાપે ઘણો મોટો પંથ; ભૂલે નહિં એ નિગ્રંથ, સાધનાના બાગમાં.
નિશ્ચય ને વ્યવહાર, ગુરુગમે નીરધાર; સાધ્ય સાધનના તાર, સાધકનાં યોગમાં. ૩૩

વ્યવહારે મગ્ન રહે, નિશ્ચય ન લક્ષ ગ્રહે; જડપણે યોગ વહે, ક્રિયાના ચોગાનમાં.
વર્તમાન સ્થિતીમાંય, વ્યવહાર ગ્રહી ન્યાય; લક્ષ નિશ્ચય રખાય, સંસાર તોફાનમાં.
એકાંતિક વ્યવહાર, કરગનો વધે ભાર; જડતા વધે અપાર, મિથ્યા અભિમાનમાં.
નિશ્ચયથી લેજો જ્ઞાન, વ્યવહારે કરો ધ્યાન; પ્રગટાવો આત્મભાન, ધર્મના મેદાનમાં. ૩૪

અજીવથી જીવ ન્યારો, જીવ જીવને છે પ્યારો; ચૈતન્યતા ચિત્ત ધારો, અંતર વિચારીને.
પુન્ય અને વળી પાપ, શુભાશુભ કર્મ છાપ; ફરે છે સંસાર આપ, આશ્રવ વધારીને.
સંવરથી રોકો કર્મ, તપ સંયમાદિ ધર્મ; ત્યાગી મિથ્યાત્વ અધર્મ, તત્વજ્ઞાન ધારીને.
નિર્જરાથી કર્મ ક્ષય, ટાળો બંધતણો ભય; પામશો મોક્ષ અક્ષય, શુદ્ધતા સ્વીકારીને. ૩૫

કઇક જનમે જીવ, કઇક મરતાં જીવ; આતમ ધ્રુવ સદીવ, પર્યાય એ જાણવા.
કોઇ જોઇ દ્વેષ થાય, કોઇ જોઇ રાગ થાય; પૂર્વનાં કર્મ જણાય, તેથી નિત્ય માનવા.
ભાવ કર્મ કરે જીવ, વળગે જડ અજીવ; કર્તા ભોક્તા થાય જીવ, અજ્ઞાન પિછાણવા.
જ્ઞાની કરે જ્ઞાન ભાવ, ત્યાગીને સદા વિભાવ; કર્તા ભોક્તા એ સ્વભાવ, જ્ઞાની જન જાણવા. ૩૬

અમરચંદ માવજી શાહ

---

આત્મધર્મોમાં પર્યવસાન પામે છે તેમાં બુદ્ધ અને શ્રી મહાવીર પ્રભુએ ત્યાગ ધર્મ સ્વીકારવાથી ઉદાસ બનેલ સ્ત્રીઓની શોકગર્ભિત પરિસ્થિતિ વર્ણવી છે.

આ ઉપર જણાવેલી પાંચ દ્વાત્રિંશિકાઓ માંની બીજી બત્રીશી ભક્તામર, કલ્યાણમંદિર સ્તોત્રને યાદ કરાવે તેવી જણાય છે. એમાં શબ્દરચનાદિમાં જો કે કેટલેક અંશે સરખામણી દેખાય છે, પરંતુ દિવાકરજીએ જુદા જુદા પ્રકારે અન્ય મતનું ખંડન કરવાપૂર્વક સ્યાદ્વાદની વિશિષ્ટતા જણાવવાના ઇરાદાથી વચમાં વચમાં તત્ત્વસંકલના પણ કરી છે. તેવું તે બંને સ્તોત્રોમાં દેખાતું નથી માટે કલ્યાણમંદિર દિવાકરજીકૃત સંભવતું નથી, એમ પણ કેટલાએક વિદ્વાનો માનવા પ્રેરાય છે પણ તે વ્યાજબી નથી, કારણ કે સ્તોત્રાદિની રચના કરવામાં તમામ કવિઓના એક સરખા વિચાર હોતા જ નથી. કોઈ કવિ અતિશયાદિનું વર્ણન ગોઠવીને ઇષ્ટદેવની સ્તુતિ કરે તો કોઈ કવિ ઇષ્ટદેવના જીવનની બોધક ઘટનાઓ જણાવીને, અથવા પરપક્ષખંડન અને સ્વપક્ષસિદ્ધિ આદિ દ્વારા, અથવા સ્વદર્શનના તાત્વિક સિદ્ધાંતાદિની પ્રશંસાદ્વારા પણ સ્તુતિ કરે છે. આમ વિવિધ ભાવનાથી સ્તોત્રાદિની ઉત્પત્તિ થયેલી હોવાથી ઉપર જણાવેલ વિચાર વ્યાજબી ગણાય જ નહિ. આ સંબંધી વધુ બીના આગળ જણાવીશ. ત્રીજી બત્રીશીમાં-પ્રભુશ્રી મહાવીરદેવમાં પુરુષોત્તમપણું ઘટાવ્યું છે. આ પાંચે સ્તુતિઓની રચના સ્વતંત્રપણે અલગ અલગ પ્રસંગે થઇ હોય, એમ લાગે છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યોગમીમાંસા

( સં૰ગ્રા૰ મુનિ પુણ્યવિજય–સંવિજ્ઞપાક્ષિક. )

( ગતાંક પૃષ્ઠ ૧૬૪ થી શરૂ )

સમ્યગ્દર્શનની ઉપલબ્ધિ બાદ '**અપરતત્વ**'ની ( સમવસરણમાં બિરાજમાન જિનેશ્વરદેવનું રૂપ તે અપરતત્ત્વ કહેવાય છે. ) જિજ્ઞાસા દિદૃક્ષા થાય છે, જેની સફળતા સપ્તમ ગુણસ્થાનકે પૂર્ણરૂપે થાય છે. એ દશામાં પ્રવૃત્તિમાર્ગની યા તો શાસ્ત્રયોગદ્વારા ભક્તિ માર્ગ તથા વચનાનુષ્ઠાનની મુખ્યતા હોઇ વાસ્તવિક નિરંજન નિરાકાર સ્વભાવી પરમાત્મા સ્વરૂપ પરતત્વની જિજ્ઞાસાવડે દિદૃક્ષા થતી નથી. આમ છતાં શાસ્ત્ર સાપેક્ષતાએ તે ધ્યાનની પૂર્વ ભૂમિકા માનવામાં હરકત નથી. ચતુર્થથી સપ્તમ ગુણસ્થાનક પર્યંત આલંબન દશાનું પ્રાધાન્ય હોય છે. એથી ત્યાં સુધી સ્થાનાદિ ચાર યોગો તથા પ્રીતિ, ભક્તિ અને વચનાનુષ્ઠાન, અધ્યાત્મ ભાવના અને ધ્યાનયોગ તથા ઇચ્છા અને શાસ્ત્રયોગનું પ્રાબલ્ય હોય છે અને ક્ષાયોપશમિક ભાવનું અસ્તિત્વ હોય છે.

શાસ્ત્રયોગ દ્વારા વચનાનુષ્ઠાનની ક્ષાયોપશમિક ભાવે પૂર્ણાહુતિ થયા બાદ આત્મા અતીવ નિર્મળ અને સંસ્કારી બની જાય છે; તેથી જ એ જેમ પ્રાથમિક દંડપ્રેરિત ભ્રમિદંડજન્ય છતાં પુનઃ દંડની નિરપેક્ષતાએ જ ઘટજનનમાં સ્વતઃ વ્યાપૃત બની ઘટને ઉત્પન્ન કરે છે, તેમ શાસ્ત્રયોગની નિરપેક્ષતાએ જ વચનાનુષ્ઠાનની ઉપાસના વિના જ સ્વતઃ શાસ્ત્રયોગજનિત આત્મસાત ભૂત સંસ્કારદ્વારા ક્ષાયોપશમિક પણ ગુણોનો વિધ્વંસ કરવા પ્રયાસ આદરે છે, જે સમયે એને આવશ્યકાદિ બાહ્ય અનુષ્ઠાનોની આવશ્યકતા રહેતી જ નથી. માત્ર સમભાવમાં કે અભેદ ઉપાસનાના યા તો શુદ્ધ નિજ ઉપયોગમાં જ રમણુતા રહે છે; જેના પ્રતાપે એ અસંગ અનુષ્ઠાનરૂપ બની જાય છે. અને એથી શાસ્ત્રમાં જે રીતિએ સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ વર્ણવ્યું હોય, તે રીતિએ પરતત્ત્વની સકલ ચિત્તવૃત્તિનો નિરોધ થઇ નિર્વિકલ્પક દશા પ્રાપ્ત થઇ જાય છે; જેના પ્રતાપે રત્નત્રયરૂપ ગુણ તન્મય–આત્મસાત્ બની જાય છે. એ દશામાં અપરતત્ત્વના સામર્થ્યથી પરતત્ત્વની દિદૃક્ષા તીવ્ર હોય છે. એને ફલિભૂત કરવા માટે અરુણોદયકલ્પ પ્રાતિભજ્ઞાનની અનુભવજ્ઞાનની પ્રાપ્તિ એ સમયે થઇ જાય છે. એ દશાના કાળને 'ધર્મસંન્યાસ' યા તો 'ચિત્તવૃત્તિસંક્ષય'રૂપ **સામર્થ્યયોગ**નો કાળ કહેવાય છે. બાદ પરમાત્માના સ્વરૂપના આવિષ્કાર કાળને ફળકાળ કહેવાય છે. એ કાળમાં કોઇપણ ધ્યાન હોતું જ નથી. ત્યારબાદ પૂર્ણ જ્યોતિસ્વરૂપ આવિષ્કારાર્થે જે ધ્યાન કરાય અને સર્વથા યોગના નિરોધરૂપ જે ફળ આવે તેને 'સર્વસંન્યાસ' યા તો કાયિકવૃત્તિ નિરોધરૂપ 'સામર્થ્ય યોગ' કહેવાય છે, જેને '**અયોગ**' પણ કહેવાય છે. જેના અસ્તિત્વમાં ઔપાધિક સર્વ ગુણોનો વિધ્વંસ થાય છે, અને '**પૂર્ણબ્રહ્મ**'નો અનંત ગુણમય જ્યોતિનો પ્રાદુર્ભાવ થાય છે, જેને ઇતર દર્શનકારો 'નિર્ગુણબ્રહ્મ' કહે છે; અને જ્યોતિમાં જ્યોતિનો સમાવેશ કહે છે–અભેદ કહે છે. વસ્તુતઃ એ દશામાં સાહજિક અનંત ગુણોનો પ્રાદુર્ભાવ થાય છે.

—ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ....કૌશલ્ય

( ૨૯ )

## પહેલોપુરૂષ એક વચન–સર્વનામ

મારા મનમાં જે અનેક ગોટાળા વળતાં હોય તે કહેવાની શોધ કરૂં છું અને તે સાંભળે તેવા મિત્રને શોધું છું, પણ જે કોઇ મિત્ર મળે છે તેને પોતાને પોતાની અનેક ગૂંચવણો, આફતો, ફરિયાદો અને મૂંઝવણો હોઇને એને મારી વાત સાંભળવામાં ખરો રસ પડતો નથી.

હમણાં હમણાં મેં એક એવો **શ્રોતા** શોધી કાઢયો છે કે જે મારે કાંઇ પણ કહેવું હોય ત્યારે પોતાના કાન માંડે છે અને જો કે કોઇ કોઇ વાર તેને સાંભળવામાં અધીરપ આવી જાય છે, પણ તેણે મારું કહેવું બધું સાંભળવું જ પડે છે.

પછી હવે તો હું તેની પાસે ખૂબ છૂટથી વાતો કરું છું. એ પોતે અગાઉ કેવો મૂરખો હતો, કેટલો ગંદો હતો અને પ્રયત્ન કરે તો એ કેટલો સાફ થઇ શકે તેવો હતો તે તેને કહું છું અને એ સર્વ હકીકત તેને સાંભળવી પડે છે. સાંભળતાં સાંભળતાં એ જરા છણકી પણ જાય છે, પણ હું જે કહું તે સર્વ એ બરાબર સાંભળે છે.

હું એમ કહું છું કે આખા જીવનના એણે જે ગોટા વાળ્યા છે, એણે જે ભાંગરાએ વાળ્યા છે અને એણે જે હડિયાપાટી કરી છે એ સર્વ તેની પોતાની જ સ્ખલનાઓ છે અને તેને માટે તે એકલો જ જવાબદાર છે. આવી આવી વાતો તેને સંભળાવું છું અને તે બરાબર સાંભળે છે, વિચારે છે, અવધારે છે.

અને પછી હું એના ઉપર દયા ખાઉં છું. એને કહું છું કે એ શ્રાપિત ભાઇશ્રી તો જનમના જ એવા છે. આવું આવું કહીને હું એને વધારે દીલગીર બનાવું છું અને એને **પશ્ચાત્તાપ**નો ભોગ બનાવું છું. આ સર્વ એ ભાઇ સાંભળી લે છે.

અને પછી વળી હું એને જરા **ઉત્સાહિત** કરૂં છું, એણે એકાદ સારૂં કામ કર્યું હોય તે એને યાદ આપું છું, કોઇ સ્નેહીને જરૂર વખતે મદદ કરી હોય તે તેના ધ્યાન પર લાવું છું. એના જીવન સમુદ્રની ખારાશમાં રહેલી એકાદ મીઠી મહેરામણની લહરીઓના લક્ષ્ય પર લાવું છું. ત્યારે પણ હું એને જે કહું છું તે સર્વ એ સાંભળી લે છે.

અને વળી કોઇવાર એની અણછતી **નબળાઇઓ** એના ધ્યાન પર લાવું છું, એનાં કાળાં ધોળાં એની પાસે રજૂ કરું છું, એના સ્વભાવની કલીષ્ટતા, એની ઇર્ષ્યા, અસુયા અને અંતરના રોગો એની પાસે ગણી બતાવું છું અને આ સર્વ વાત તે ભાવભીના હૃદયે સાંભળે છે.

આવી આવી ચોખી વાત જેને કરું છું તેને હું ઓળખું છું, અથવા હું **માનું છું કે એને હું બરાબર ઓળખું છું**, હું માનતો આવ્યો છું કે હું એને વર્ષોથી ઓળખું છું. આ ભાઇશ્રી જેની સાથે હું સ્પષ્ટતાથી ઉઘાડી રીતે આટલી બધી વાત કરૂં છું, **તે કોણ?** એ તમે જાણો છો? તમે અનુમાન કરો, ધારોઃ **"તે હું પોતે."**

---

First Person, Singular

28-5-38 (S. V) સૂચિત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩૦ )

**સજજનનું ચરિત્ર આવું હોય :—**

**એ પારકાનાં દૂષણને બોલી બતાવે નહિ, એ પારકાના નાના ગુણને વારંવાર બોલી બતાવે, એ પારકાની ઋદ્ધિ જોઇને સંતોષને ધારણ કરે, એ પારકાને થતી પીડા જોઇને મનમાં ખેદ–બળાપો કરે, એ પોતાનાં વખાણ કદી ન કરે, એ વિનયનો ત્યાગ ન કરે, એ ઉચિતને ઓળંગે નહિ, અને કોઈ એને ન ગમે તેવું (અપ્રિય) બોલે તો પણ એ ક્રોધ ન કરે. આનું નામ ગૃહસ્થાઈ–સજજનતા કહેવાય.**

સજજનતા ખરી રીતે હૃદયની વાત છે, ગૃહસ્થાઇ અને ખાનદાનીનાં પગરણ છે, ઉચ્ચગ્રાહી જીવનના નાના મોટા દરેક પ્રસંગમાં બાપોકાર જાહેરાત કરતી શાંત નદી છે. પ્રાણીની **નાની વાતોનો સરવાળો** એ **સજજનતાનું પ્રતિક છે.** એને માટે મોટા મેળાવડા કરવા પડતા નથી, એને પોતાની કરવા મોટાં સંભાષણો બોલી બતાવવાં પડતાં નથી, એને હસ્તગત કરવા ખોટા સાચા દાવા ઢોંગ કે દેખાવો કરવા પડતાં નથી, સાચી સજજનતા કે ગૃહસ્થાઈ એ પ્રાણીના જીવન સાથે ઓતપ્રોત થઇ ગયેલ હોઇ, એના પ્રત્યેક વર્તન પ્રસંગે તરી આવે છે, પ્રત્યેક વાણી વિલાસે ઝળકી આવે છે, પ્રત્યેક આંખના અણુસારામાંથી સમજાઈ આવે છે સારા માણસનું વર્તન સાચે માર્ગે જ થાય, સારે માર્ગે જ થાય. એ પોતાનો માર્ગ બરાબર સંભાળી લે અને એની વિશાળતા, સહૃદયતા અને ગંભીરતા અને સારે માર્ગે સાચે માર્ગે વિશુદ્ધ માર્ગે લઇ આવે. એવા સજજનો ગમે તે સંયોગમાં હોય, **એનો વિકાસ એને સાચો રસ્તો સુજાડી દે** અને એ પોતાનો યથાર્થ માર્ગ વગર ધાંધલે, વગર પ્રયાસે, વગર માગણી કર્યે, શોધી લે અને તે રસ્તે જ આગળ ધપે.

સજજનનાં લક્ષણો ઉપર રજૂ કર્યાં છે તેના પર વિવેચનની ભાગ્યેજ જરૂર હોય. એ સુગ્રાહ્ય છે, સ્વયં સ્પષ્ટ છે, કાળસિદ્ધ છે. એમાં ખૂબી એ છે કે સજજનને માર્ગે પ્રયાણ કરવામાં જરાપણ પ્રયાસ કરવો પડતો નથી, એની વિશુદ્ધિ કે સુગ્રાહ્યપણા માટે ચર્ચા કરવી પડતી નથી અને એની આદેયતા માટે ઉપદેશ આપવાની આવશ્યકતા રહેતી નથી. નવાઇની વાત એ છે કે આવો સીધો સાદો સમજાય તેવો સરલ માર્ગ મૂકી પ્રાણી આડેઅવળે માર્ગે કે ઊલટે પંથે કેમ પડી જતો હશે? શા માટે એ કાવાદાવા કરી જીવનને ઝેર કરતો હશે? શા માટે એ પ્રયાસ કરી ન ટકી શકે તેવી પરિસ્થિતિનો બચાવ કરવાના ખોટા માર્ગે ચઢી જતો હશે?

**સજજનતાના** માર્ગો સીધા છે, આંટીઘુંટી વગરના છે, જાતે તદ્દન નરવા છે, સ્વતઃ નૈસર્ગિક છે અને અંતરને પ્રફુલ્લ બનાવી ચેતનરાજનો નિસ્તાર કરનારા છે. એના રસ્તા લેવામાં કાંઇ ગોટા વાળવા પડતા નથી, એને અપનાવવામાં કોઈ પ્રકારની કૃત્રિમતા ધારણ કરવી પડતી નથી, એને છુપાવવા કોઇ જાતના દંભો કે દેખાવોને માર્ગ આપવો પડતો નથી. એ સીધી લાઇનના રસ્તા છે, એ કુદરતી વલણને પોષનારા સહજપ્રાપ્ત ધર્મો છે, એ ઉન્નતિ બીજનાં ઊમળકા છે. ધર્મમાર્ગે ચઢવાનાં એક પણ સોપાનને ન ચૂકે તે એ માર્ગે પરંપરાએ સાચું શાશ્વત સુખ પામે અને હંમેશ માટે નિરવધિ આનંદ માણે.

**न ब्रुते परदूषणं परगुणं वक्त्यल्पमप्यन्वहम्। संतोषं वहते परर्द्धिषु पराबाधासु धत्ते शुचम्।**
**स्वश्लाघां न करोति नोज्झति नयं नोचित्यमुल्लघय-त्युक्तोऽप्यप्रियमक्षमां न रचयत्येतच्चरित्रं सताम्॥**

સિંદૂર પ્રકર૦ ૬૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩૧ )

**ધનથી અંધ થયેલ બુદ્ધિવાળા માણસો–**

**ભયંકર અટવીમાં રખડે છે, દેશ પરદેશ આંટા મારે છે, મોટા આકરા દરિયામાં બાથોડાં ભરે છે, આકરી ખેતી કરે છે, કરપી શેઠીઆઓની સેવા ઉઠાવે છે, ભયંકર યુદ્ધમાં ઝંપલાવે છે.**

આ સર્વ **લોભની ચેષ્ટાઓ** સમજવી.

લોભની **ચેષ્ટાઓ** અને **ચાળાઓનો** પાર નથી. સુભાષિતમાં બતાવેલા પ્રસંગો બરાબર સમજાય તેવા છે. તેને સમજવા માટે બસો વર્ષ પૂર્વેની હિંદની સ્થિતિનો ખ્યાલ કરવામાં આવે તો મોટા અરણ્યો, હાથીપદાતિ અને રથો તથા ઘોડાની સેનાની લડાઈઓ, જાનમાલની અસ્થિરતા અને પરદેશમાં કમાવાની આશા, શેઠીઆઓનો દોર અને દરિયાની સફરોનો ખ્યાલ કરવો એટલે લોભના ચાળા પોતાની આંખ સન્મુખ ખડા થઇ જશે. તૃષ્ણાદેવી પ્રાણી પાસે અનેક પ્રકારના નાચો કરાવે છે, ન કરવાનાં કામો કરાવે છે અને બે બદામના માણસોની ખુશામત કરાવે છે.

એ તો જૂના જમાનાની વાત થઇ, પણ **ચાલુ જમાનામાં** આ તૃષ્ણાદેવી ભારે ગજબ કરે છે. કાળાં બજારની ઝીણવટ જાણનારા માણસોનાં કામોને વર્ણવવામાં આવે તો રૂંવાં ઊભાં થાય તેવી વાતો છે. એમાં મનુષ્ય દયા કે રાષ્ટ્રભાવના ઉપર હડતાળ મૂકાય તેવા બનાવો બની ગયા છે અને આબરૂદાર દેખાતા માણસોએ દેશદ્રોહ, મનુષ્યદ્રોહ અને આત્મદ્રોહ કરવામાં બાકી રાખી નથી. અને લોભને વશ પડીને પ્રાણીઓ ભાઇ ભાઇનાં ગળાં કાપે, રાત દિવસ કારખાના ચલાવે, ગરીબોની ગરજનો બેવડો તેવડો લાભ લે, ઇન્કમટેક્સમાંથી બચવા સાચા ખોટા ચોપડા તૈયાર કરે, માલમાં ભેળસેળ કરી ઘીમાં છાશ, દૂધમાં પાણી, અળશીમાં ફોતરાં અને ઘઉંમાં કાંકરા નાખે, રેલવેના વેગનો મેળવવા કે સપ્લાઇ ખાતામાંથી માલ મેળવવા કે લડાઇમાં ઓરડરો મેળવવા મોટી નાની રકમની લાંચો આપે, બારે માસ અને બત્રીશે ઘડી ધન માટે આકુળતા ધારણ કરે, સાચાખોટા દસ્તાવેજો તૈયાર કરે, ભળતી કે જૂઠી સાક્ષી આપે વગેરે અને એવાં એવાં અનેક કાર્યો કરી ખોટી સાચી વાતો કરી ગજવાં ભરે, ભરાવે અને છતાં આબરૂદાર કે ઉદારમાં ખપવા એકાદ સારી રકમની સખાવત જાહેર કરી પોતાનાં જીવનને કૃતકૃત્ય માને, અતિ લોભને કારણે લાખો મળે તો પણ જીવને શાંતિ ન રાખવા દે અને નિરંતર ધનની આશાએ મહા આરંભનાં મોટી હિંસાના કામ કરે, આદરે, ઉપદેશે અને ધનની વિચારણા અને ચિંતવનામાં આર્ત ધ્યાનમાં જીવન વ્યતીત કરે. આ સર્વ લોભના ચાળા છે, સંતોષની ગેરહાજરીનાં પ્રદર્શન છે. અશાંતિનાં આવિષ્કરણ છે, નીચ ગતિ તરફ પ્રયાણ કરવાનાં પ્રસ્થાનો છે અને તુચ્છ હૃદયના અધમ એંધાણો છે. એને ઓળખી એનાથી ચેતીને ચાલે તેની **ધર્મી**ની ગણનામાં ગણાવાની યોગ્યતા થાય; બાકી તો દુનિયા ઝૂકતી ચાલે છે અને ઘણાખરા તેની સાથે ઘસડાય છે. એનું નામ જીવન ન કહેવાય. એ તો આવવાની આફત અને થનારા અધઃપાતનાં મંગળાચરણો છે. લોભના ચાળાનો પાર નથી અને આપણી ચારે બાજુ તે વિલાસ કરતાં દેખાય છે.

**यद्दुर्गमटवीमटन्ति विकटं क्रामन्ति देशान्तरम्,**
**गाहन्ते गहनं समुद्रमतनुक्लेशां कृषिं कुर्वते।**
**सेवन्ते कृपणं पतिं गजघटासंघट्टदुःसञ्चरम्,**
**सर्पन्ति प्रधनं धनान्धितधियस्तल्लोभविस्फुर्जितम् ॥**

**સિંદૂર પ્રકર ૫૭.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩૨ )

**ધર્મનો ઉપદેશ આપનાર હોય; અથવા વયમાં વૃદ્ધ હોય; અથવા, ઘણા મોટા વિદ્વાન હોય; અથવા, ધર્મશાસ્ત્રમાં ખૂબ પ્રવીણ હોય; આમાંના કોઈ પણ પ્રકારના જનો વારંવાર સેવવા યોગ્ય છે.**

જેના સહવાસમાં આવવાનું વધારે બને તેના જેવો પ્રાણી થાય છે. હલકાની સોબતે એ ઢીલો પડતો જાય છે અને અંતે વર્તનની બાબતમાં તળિયે બેસે છે. સારા વાતાવરણમાં એને વિચાર પણ સારા આવે છે. પ્રવૃત્તિનું મૂળ વિચારવાતાવરણ પર બહુધા રહે છે. કોઈ પણ કાર્ય પ્રથમ વિચારમાં જ ઉદ્ભવ લે છે, પછી કાર્યમાં એ છેવટે અવસાન પામે છે; માટે સત્સંગ બહુ મોટી વાત છે, સીધી અસર કરનાર તત્ત્વ છે. અને ચીવટ રાખી અનુસરવા યોગ્ય ગુણપ્રાપ્તિ માટેનું પ્રબળ નિમિત્ત છે. એક માબાપના બે પુત્ર હોય તેમાં સોબતને યોગે એક મહત્તાના શિખરે ચઢે છે, બીજો દુર્વ્યસન રખડપાટ અને નીચતાનો દાખલો બને છે. **પોપટનાં બે બચ્ચાં**–એક સંતના મઠને દરવાજે અને બીજું ચોરની પલ્લીને દરવાજે પાંજરામાં પડેલ, તે સોબતને યોગે બોલવામાં ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવે બેસી જાય એમાં સોબત જ કારણભૂત છે એ વાત ઉઘાડી છે, પ્રત્યક્ષ અનુભવે દેખી શકાય તેવી છે અને સોબતનાં પરિણામે દરરોજનાં જીવનમાં ભાત પડે તેવી છે.

એક કવિરાજે સજ્જન સંગનો મહિમા ગાતાં કહી દીધું છે કે 'સંત–સજ્જનનો સંગ બુદ્ધિનો વધારો કરે છે, લક્ષ્મીનો વધારો કરે છે, વ્યવહારદક્ષપણું આપે છે, શ્રેયને પલ્લવિત કરે છે, પાપને દળી નાખે છે, ઉન્નતિની સાથે મેળ સાધી આપે છે, વિજ્ઞાનનું પરિશોધન કરી આપે છે, કળાકૌશલ્યમાં વધારો કરે છે. સંતની સંગત શું નથી આપતી?'

આ બાબતમાં કવિએ જરાપણ વધારે પડતી વાત નથી કરી. સત્સંગનો મહિમા વર્ણવવો મુશ્કેલ છે. સારી સોબતને અંગે મનુષ્ય સૃષ્ટિમાંથી અને કુદરતની શક્તિઓમાંથી તેના લાભદાયકપણા માટે અનેક દાખલાઓ આપવામાં આવ્યા છે. શુભ ઉપદેશ આપનાર હોય કે વિદ્વાન હોય, અનુભવી કે ઘડાઇ ઘડાઈને આગળ આવેલા હોય, ધર્મશાસ્ત્રમાં કે વિજ્ઞાનમાં કુશળ માણસો હોય તેની સોબત કરવામાં લાભ લાભ અને લાભ જ થાય.

અને માણસનું મન વાઢ પર ચઢતી વેલડી જેવું છે. એને જેવો જે દિશાનો અને જેટલો ઊંચો ટેકો આજુ–બાજુ મળે તેટલી વેલડી તેના ફરતી વીંટાઈ જાય છે. એને વાડનો ટેકો કયાં અને કેટલો આગળ ધપાવનારો મળે છે તે પર તેની પ્રગતિનો આધાર રહે છે. ગપ્પાં મારનાર મળે તો માણસ વાતોએ ચઢી જાય, બ્રહ્મચારી મળે તો બ્રહ્મચારી કે સંતોષી થાય, અનુભવી મળે તો બીજાની ઠેસોનો લાભ પોતે મેળવે, ભણેલા મળે તો મહેનત કરીને એકઠાં કરેલ તેના ભણતરનો લાભ પોતે અતિ અલ્પ પ્રયાસે મેળવે અને શુદ્ધ ઉપદેશક હોય તો તેની છાયામાં પોતે સાધક બની જાય. હીનની સોબતે પ્રાણી ઊતરતો જાય છે, સરખો મળે તો ભેટી પડે છે, પણ વિશિષ્ટ મળે તો પોતે પણ વધારો કરી આગળ ધપે છે. ધર્મમાં કુશળ થવા ઈચ્છનારે સંત સાધુ ત્યાગી કે ઉપદેશ આપનાર બહુશ્રુતની પર્યુપાસના વારંવાર કરવી અને તેના જેવા થવા યત્ન કરવો. એ રીતે ધર્મકૌશલ્ય પ્રાપ્ત થાય.

મૌક્તિક

**शुभोपदेशदातारो, वयोवृद्धा बहुश्रुताः। कुशला धर्मशास्त्रेषु, पर्युपास्या मुहुर्मुहुः॥**

**विवेकविलास ८. ३८.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યાત્રાના નવાણુ દિવસ.

સંગ્રાહકઃ—ચોકસી.

**ભૂમિકા :**

અરે! આ એકાન્ત પ્રદેશ પર અટુલા પડેલ ગુરુશિખરમાં, જ્યાં યાત્રિકોનો સમુદાય જવલ્લે જ પગ મૂકે છે ત્યાં આપ સરખા શાન્તમૂર્તિના દર્શન એ તો ક્ષુધાતુરને ઘેબર મળ્યા જેવું લેખાય!

મહાનુભાવ, આવા નિરવ સ્થાનમાં જ મનની એકાગ્રતા અને ધ્યાનની ઉત્કટતા હસ્તગત કરી શકાય છે. પાલીતાણામાં સ્થિર થયા પછી ભાગ્યે જ હું શત્રુંજયગિરિની યાત્રાવિહુણો દિવસ પસાર કરું છું. અજવાળું થયા પછી જ હું તળાટી તરફ પગલા માંડું છું અને પ્રાતઃકાળના રમ્ય વાતાવરણમાં નીચી નજરે, ધીમી ગતિએ, આ મહાતીર્થના પગથીઆ વટાવતો, લગભગ અર્ધા કલાકમાં છાલાકુંડ સમિપ આવી રહું છું. જરા વિશ્રાન્તિ લઈ આ મુનિશિખર તરીકે ઓળખાતા, સામાન્ય રીતે દૂર દૂરથી નજરે પડતાં, પર્વતના આગળ પડતાં ભાગની કેડીએ થઈ, અહીંના આ દહેરીમાં આસન જમાવું છું. એકાદ મુહૂર્ત જેટલો સમય કયાં તો ધ્યાનમાં કિંવા તત્વાદિની વિચારણામાં વ્યતીત કરું છું. કોઈ રડ્યો-ખડ્યો યાત્રિક આવી ચઢે તો ધર્મચર્ચાનો પ્રસંગ પણ પ્રાપ્ત થાય છે. અહીં વિસ્તરેલી અમાપ શાન્તિમાં મને ઠીક ઠીક આનંદ મળે છે. સામે દેખાતાં પાછલા માર્ગે થઈ, બાકીનો પંથ કાપી, દાદાના દરબારમાં પહોંચું છું ત્યારે આંગી ઉતારવાની તૈયારી ચાલતી હોય છે.

પૂજ્ય સંત, આપ આ જઈફ વયમાં પણ પ્રમાદના શરણે ગયા વિના આ જાતની સુંદર જીવન-ચર્યામાં મશગૂલ રહો છો એ જોઈ મને આશ્ચર્ય થાય છે. એક તરફ આ પવિત્ર તીર્થમાં પૂરું અજવાળું થયા વિના સંખ્યાબંધ સાધુ–સાધ્વીને ડુંગર ચઢવા જતાં, વળી કેટલાકને તો માત્ર તલાટીથી જ પાછા વળતાં અને કેટલાકને અર્ધા માર્ગે ઝટપટ ઉતરતાં જોઉં છું ત્યારે સહજ વિચાર ઉદ્ભવે છે કે આ ત્યાગી વર્ગને આ પ્રકારની પ્રવૃત્તિ શોભે ખરી?

ત્યાગી વર્ગ અંગેની ઉપરની વાત જેમ મને ખુંચે છે તેમ અમારા શ્રાદ્ધ સમુદાયમાં પણ ઓછી ગતાનુગતિકતા નથી. કેટલાક સાવ અંધારામાં નીકળી પડે છે. જલ્દી ચઢી જઈ, ઝટપટ દેવ જુહારી, પૂજા કરવા પણ ન થોભતા, વહેલા ઉતરી આવે છે! એથી ઉલટું કેટલાક ચા–પાણીનું કાર્ય પતાવી મોડા જ ચઢવા માંડે છે અને ઠંડકથી બે ત્રણ વાગે ઉતરે છે. કોઈકવાર સખત તાપ હોય છે તો આમ કરનારને હાનિકર્તા થઈ પડે છે. આ રીતે ઉતરનાર મોજા પહેરીને જ તેમ કરે છે. મોજાનો વપરાશ તો હદ બહાર વધી ગયો છે. આ સ્થિતિમાં આંગી ઉતરવાનો સમય, ઘી બોલવાની પ્રથા અને શ્રીમંતોના આગમનની અનુકૂળતા અમુકાંશે જવાબદાર છે! ઘી બોલનાર તો અમુક જાતના ઈજારદાર જેવો જ ભાગ ભજવે છે. ખુદ ગભારામાં પણ એમની તહેનાતમાં બારોટ વર્ગના માણસો હાજર હોય છે! 'પુષ્પ પાંખડી જ્યાં દુભાય, જિનવરની ત્યાં નહીં આજ્ઞાય' જેવો દૂહો અહીં તો નકામો જ ગણાય છે. વીંધેલા પુષ્પોના હારો ઢગલાબંધ ચઢાવાય છે! અને એ લેનારામાં શ્રીમંતો અને સમજુ ગણાતાની સંખ્યા ઓછી નથી! મેં કાલે જે કંઈ દીઠું એ ઉપરથી મને જે વિચારો આવ્યા તે આપ સાહેબને જણાવ્યા. જો કે આ રીતે આપનો સમય લેવો વ્યાજબી ન ગણાય પણ અંતરનો ઉકળાટ ન શમાવી શકાયાથી એ ઉભરાઈ બહાર આવ્યો છે. દેશ–કાળ જોતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બધું સંગીન ફેરફાર માંગે છે. આપ સરખા અભ્યાસી સંત એ વાત હાથમાં લે તો જરૂર એ બને.

તમારું નામ પ્રબોધચંદ્રને ! સાંભળવા મુજબ તમો સહ કુટુંબ અત્રે નવાણુ યાત્રા કરવા આવ્યા છો એ મુખ્ય હેતુ અવગણી આ સુધારણાના વિષયમાં કયાં પડી જાવ છો ? જે સમાજમાં જ્ઞાનનો મહિમા પ્રભુશ્રી મહાવીર દેવે સ્વમુખે અતિગણો ગાયો છે અને જ્ઞાનને સર્વ આરાધક કહી, ક્રિયાને દેશ આરાધક બતાવી છે તે સમાજમાં આજે સંખ્યાબંધ કરણીઓ એવી થઇ રહેલી નજરે ચઢે છે કે જેની પાછળ નથી તો પૂરી સમજ કે નથી તો એ અંગે શું રહસ્ય રહેલું છે એનો ખ્યાલ. અચરે અચરે રામ જેવું ચાલી રહ્યું છે. જિજ્ઞાસુ માટે સ્વરૂપ દર્શક ગ્રંથો ઓછા નથી, પણ વાંચનાર વર્ગ જ્યાં જોવાતો નથી અને ઉપદેશક વર્ગ જ્યાં મોટા સૂત્રોના વ્યાખ્યાનમાં અને ઉપરછલ્લી ધામધુમમાં પ્રભાવના જોતો હોય ત્યાં ઉપર વર્ણવી દશા જ સંભવે ને ! મહાનુભાવ, તમો યાત્રામાં દત્તચિત્ત બનો અને આત્મલક્ષી ક્રિયામાં રક્ત રહો. સુધારણા કાળ પાકશે ત્યારે થશે.

પૂજ્ય ગુરુમહારાજ, આપે મારું નામ તેમજ યાત્રાની વાત સાંભળી લાગે છે. આમ તો હું રાષ્ટ્રવાદી છું તેમ મારે કબૂલવું જોઇએ કે મારો ધર્મ સંબંધી અભ્યાસ સામાન્ય પ્રકારનો છે. અલબત થોડું કરવું પણ એ સમજીને કરવું એવું હું માનનારો છું. પ્રથમ તો હવાફેર સારૂ માથેરાનનો વિચાર થયો ત્યાં પત્ની તરફથી યાત્રાની વાત રજુ થઈ. મને પણ લાગ્યું કે પ્રથમ કરતાં પાછળની બાબત ઠીક છે. એક પંથ ઓર દો કાજ જેવું થશે. હું કંઇ નવાણું યાત્રાની ગણત્રીએ આવ્યો નથી. હું તો ઇચ્છા થાય ત્યારે ચઢું નહીં તો ગામમાં રહી વાંચનમાં સમય ગાળું. જ્યારે સાથેના તો નવાણુ કરશે જ; ઘણુંખરૂં તેઓ દિવસમાં બે યાત્રા કરવા ધારે છે એ શું શકય છે ?

પ્રબોધચંદ્ર, જેમને ગણત્રીજ કરવી છે તેમને તળાટીથી ચઢી દાદાના દરબારમાં જઇ દર્શન કરવા, ત્યાંથી ઘેટીપાગ ઉતરી ત્યાં સ્થાપન કરેલ પગલાં જુહારવા, પુનઃ ચઢી દાદાના દરબારમાં આવવું, પૂજન તથા સ્તવનદ્વારા દ્રવ્યભાવપૂજા કરવી અને પાછા ઉતરી ગામ આવવાથી બે યાત્રા ગણાય છે કેમકે એમ કરવાથી બે વાર ચઢવાનું થાય છે.

પૂજ્ય આમ ચઢવા માત્રથી જ સંતોષ માનવો કે એ પાછળ કંઇ ખાસ હેતુ રહેલો છે ?

ભાઇ, તીર્થંકર ભગવંતપ્રણીત નાની મોટી દરેક કરણી પાછળ મુખ્ય રીતે આત્મિક શ્રેયનો હેતુ હોય છે. બાહ્ય ફળ તો એમાં ગૌણપણે રહેલું હોય છે. જીવ સ્વરૂપના જાણનાર અને નવતત્વને સમજનાર માનવ એ રહસ્ય ઝટ પિછાની શકે છે. જૈન ધર્મમાં ગતાનુગતિકપણાને જરાપણ સ્થાન નથી. માત્ર ચઢઉતર કરવામાં યાત્રાની સફળતા નથી મનાઈ. આ પવિત્ર ગિરિ ઉપર પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ, પાંચ પચાસ વાર નહીં પણ નવાણુ 'પૂર્વ' વાર પધારેલા છે. વળી આ શાશ્વત ભૂમિ છે કેમકે માત્ર વર્તમાન કાળમાં જ એ ઉપર અનંતા જીવો સિદ્ધિપદને વર્યા છે એટલું જ નહીં પણ ભૂતકાળમાં એને એવું જ ગૌરવ પેદા કર્યું છે અને ભવિષ્યમાં એવી જ ગૌરવ ગાથા એના ભાગ્યમાં અંકિત થયેલી છે. આથી સહજ સમજાશે કે આ પ્રદેશના નાનામાં નાના રજકણમાં કોઇ અનોખી પ્રેરણા પાવાની જવલંત શકિત છુપાયેલી છે. વારંવાર અહીં આવી, આત્માએ એમાં ઊંડું અવગાહન કરવાનું છે. મનરૂપી માંકડું એકદમ સ્થિર થાય તેવું ન હોવાથી એને અભ્યાસદ્વારા કાબૂમાં આણવાનું છે. શહેરની જંજાળથી છૂટી, આ પવિત્ર ગિરિના પગથીઆ વટાવી, અહીંના જુદા જુદા સ્થાનો પર બેસી શાંત ચિત્તે સાહિત્યના પ્રસંગો વિચારવાના છે. એ ઉપર ચિંતન કરી અને બરાબર મનન કરી, સ્વજીવનમાં એ અમથી કેમ બને તે નક્કી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાનું છે. માત્ર ઝટપટ ફરી વળી 'લે દેવ ચોખા ને મૂક મારો છેડો' કરવાની ક્રિયા દ્વારા યાત્રા કર્યાનો સંતોષ માનવાનો નથી.

આજે તો જેટલું વજન બહારની કરણીઓને અપાય છે એથી અર્ધું પણ એ પાછળનો આશય અવધારવામાં નથી અપાતું. એ વેળા રાજવી કુમારપાળવાળો પેલો પ્રચલિત દૂહો કે જીર્ણ શ્રેષ્ઠિની વાત જવલ્લેજ યાદ કરાય છે. જરૂર તો એ ઉભય વાતોને નેત્રો સામે રમતી રાખવાની છે.

**પાંચ કોડીના ફુલડે, જેના સિધ્ધ્યાં કાજ,**
**રાજા કુમારપાળને, મળ્યું અઢારનું રાજ.**

અર્થાત માત્ર પાંચ કોડીના અઢાર પુષ્પ લઇ, જે સુંદર ભાવથી નોકર એવા કુમારપાળના જીવે પ્રભુને ચઢાવ્યા, તે ભાવ જરૂરી છે. એના જોરે બીજા ભવમાં નોકરમાંથી એ મહારાજા બની ગયા. લાખોના ફૂલો ચઢાવનારા પૂર્વ ભવના એના શેઠ, ભાવમાં પાછળ પડવાથી માત્ર ઉદાયન મંત્રી બન્યા. જૈન ધર્મમાં દ્રવ્ય કે એની નાની મોટી સંખ્યા પર ફળનો આધાર નથી. વજન તો ભાવના પર અવલંબે છે. તેથીજ પ્રભુના પાત્રમાં જરા માત્ર આહાર વહોરાવવાનું બન્યું નહીં, છતાં ભાવનાના બળે જીરણ શેઠ મોક્ષના કમાડ ખખડાવવાના પંથે પળ્યા.

સાહેબ, આપ શાંતમૂર્તિ તરીકે ઓળખાવ છો એ વાસ્તવિક છે. આપની સાથેની આ સામાન્ય વાતચિતથી મારા અંતરમાં આનંદની છોળો ઉછળી રહી છે. જો કે કાલના અનુભવથી મેં ગણત્રીના દિનો ડુંગર પર ચઢવાના નિયત કરેલાં, પણ આપના સમાગમનો લાભ મળે તેમ હોય તો, આપને એથી કંઇ અગવડ ન પહોંચે તેમ હોય તો, હું રોજ ડુંગર ચઢવા ઇચ્છું છું. યાત્રા સાથે આ જાતની જ્ઞાન-ચર્ચાદ્વારા જૈન ધર્મનું સ્વરૂપ બને તેટલું સમજવા માંગું છું, એમ કરતાં નવાણુ યાત્રા કરવાનો લાભ મળે તો સોનું ને સુગંધ મળ્યા જેવું.

મહાનુભાવ, સંતનો ધર્મ સ્વશ્રેય સાથે પરને માર્ગે આણવાનો છે. જિજ્ઞાસુ જોડેના વાર્તાલાપથી એનું જ્ઞાન તાજું રહે છે. આ સ્થાનમાં નિયમિતપણે હાજરી આપશો તો અવસ્ય આપણે સાહિત્યના પ્રસંગો પર સામાયિકના કાળ જેટલો સમય વિચારણા ચલાવશું. નવનો ડંકો થતાં અહીંથી ઉઠીશું. એ પછી ઉપર જે આનંદ આવશે તે કંઇ અનેરો જ હશે. અનુભવનો એ વિષય ગણાય.

ગુરુમહારાજ, આવતી કાલથી નિશ્ચિંત સમયે હું જરૂર આવી પહોંચીશ.

ચાલુ

# વર્તમાન સમાચાર

૧ આ સભાનાં લાઇફ મેમ્બર શાહ માણેકચંદ પોપટલાલ થાનગઢવાળાનાં પુત્રી ચિ. ઇન્દુમતીનાં શુભલગ્ન પ્રસંગે અને ગૃહમંદિરમાં શ્રી જિનેશ્વરદેવની પ્રતિમાજી પધરાવવા નિમિત્તે તા. ૨૧-૨-૪૭ થી શ્રી અઠ્ઠાઇમહોત્સવ કરવામાં આવ્યો હતો. અને થાન લખતરના ઠાકોર સાહેબનાં પ્રમુખસ્થાને એક ભવ્ય મેળાવડો થયો હતો, જે વખતે શાહ માણેકચંદ પોપટલાલ તરફથી રૂા. ૬૬૨૫) ની જુદા જુદા ખાતાઓમાં સખાવત જાહેર કરવામાં આવી હતી.

૨ અમોને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે- આ સભાનાં પેટ્રન સાહેબ **શ્રી ભોગીલાલભાઇ મગનલાલ** તાજેતરમાં મુંબઇ જતાં અંધેરી મોહન સ્ટુડીઓમાં તેમને માનપત્ર આપવાનો એક ભવ્ય મેળાવડો થયો હતો. તે પ્રસંગે શેઠ ભોગીલાલ મગનલાલ, શેઠ ગિરધરલાલ દીપચંદ મ્હેતા અને શેઠ જાદવજી નરશીદાસ શ્રી મહાવીર જૈન વિદ્યાલયનાં પેટ્રન થયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### જૈન શાસનના નભોમણિ

# કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે આપેલો પ્રતિબોધ.

મુનિરાજશ્રીઃ—લક્ષ્મીસાગરજી મહારાજ.

**ધંધુકા** ગામમાં મોઢ જ્ઞાતિમાં ઉત્પન્ન થયેલા ચાંગદેવે દેવચંદ્રસૂરિ પાસે દીક્ષા લીધી. ગુરુએ તેમનું હેમચંદ્રસૂરિ નામ પાડયું. પાટણના રાજા કુમારપાળને રાજા થતાં પહેલાં સિદ્ધરાજના ભયથી નાસભાગની પૂર્વાવસ્થામાં, શ્રી હેમચંદ્રસૂરિએ પ્રાણનું અભયદાન આપી અનેક ઉપકાર કર્યાં હતાં. અનુક્રમે પાટણનો રાજા કુમારપાળ થયો. તે સમયે શ્રી હેમચંદ્રસૂરિએ ત્યાં જઇને ઉદયનમંત્રીને પૂછયું કે–"રાજા અમને કોઇવાર યાદ કરે છે?" ઉદયને કહ્યું કે–"સંભારતા નથી." સૂરિએ કહ્યું–"હે મંત્રી! આજે તું રાજાને એકાન્તમાં કહેજે 'આજે તમારે નવી રાણીના મહેલે સૂવા જવું નહીં.' મંત્રીએ તે જ પ્રમાણે કહ્યું. તે રાત્રે નવી રાણીના મહેલ ઉપર એકદમ અકસ્માત વીજળી પડી તેથી મહેલ બળી ગયો ને રાણી મૃત્યુ પામી. તે જોઈ આશ્ચર્ય પામેલા રાજાએ મંત્રીને પૂછયું કે ત્હમને આવી ખબર પ્રથમ કયાંથી પડી? આવું ઉત્કૃષ્ટ જ્ઞાન કોનું છે? ત્યારે મંત્રીએ કહ્યું–હેમચંદ્રસૂરિએ તે વાત કહી હતી. તે સાંભળી રાજા તરત જ સૂરિજી પાસે જઇને પ્રણામ કરીને બોલ્યા કે–"હે પૂજ્ય! આપનો મહદ્ ઉપકાર મારા ઉપર છે, માટે આ રાજ્ય લઈ મ્હારા ઉપર કૃપા કરો." સૂરિજી બોલ્યા હે રાજન્! અમારે રાજ્યનો ખપ નથી પરંતુ જો તું કૃતજ્ઞપણાએ કરીને પ્રત્યુપકાર કરવા ઇચ્છતો હો તો આત્માને હિતકારક જૈન ધર્મનો સ્વીકાર કર. તે સાંભળી રાજા બોલ્યો–"હે સ્વામી આપ જેમ કહેશો તેમ હું કરીશ."

એકદા રાજા સૂરિજીને સાથે લઇને સોમેશ્વરની યાત્રાએ ગયો. ત્યાં રાજાએ મહાદેવને વંદના કરી તે વખતે રાજાને બ્રાહ્મણોએ કહ્યું કે–જૈન ધર્મીઓ ત્હેમના તીર્થંકર સિવાય બીજા દેવને નમતા નથી. તે સાંભળીને રાજાએ સૂરિને કહ્યું કે–હે પૂજ્ય! આપ શિવને વંદના કરો. ત્યારે સૂરિ બોલ્યા કે–જેના ભવબીજના અંકુરને ઉત્પન્ન કરનારા રાગાદિક ક્ષય પામેલા છે એવા બ્રહ્મા, વિષ્ણુ, શિવ કે જિન જે હોય ત્હેને મારા નમસ્કાર હો. જે તે સમયે, જે તે પ્રકારે, જે તે નામવડે, જે તે છે તે તું જ છે, સર્વ દોષ અને પાપ રહિત જો કોઇ હોય તો તું એક જ છે, માટે હે ભગવાન્! ત્હમને મારો નમસ્કાર હો. આવી સ્તુતિ સાંભળીને રાજા આશ્ચર્ય પામ્યો. પછી ત્હેણે ગુરુશ્રીને કહ્યું કે–હે પૂજ્ય! મત મતાન્તરનો આગ્રહ મૂકીને ખરૂં તત્વ શું છે તે મ્હને કહો. સૂરિજી બોલ્યા કે–હે રાજા! શાસ્ત્રનો સંવાદ દૂર રહો, પણ આ શિવ જ તમારી પાસે તત્વનું નિરૂપણ કરશે. તે તમે આદરજો. પછી મધ્ય રાત્રીએ સૂરિજીના ધ્યાનથી પ્રત્યક્ષ થઇને શિવે રાજાને કહ્યું કે–હે રાજન્! શ્રી તીર્થંકરોએ પ્રરૂપિત કરેલા સ્યાદ્વાદ તત્વનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચરણ કરવાથી તું વાંછિત ફળને પામીશ. તે સાંભળીને રાજા સમકિત પામ્યો, અને જૈન ધર્મનો આદર સત્કાર કર્યો અને સૂરિજીને ભાવપૂર્વક વંદના કરી. અનુક્રમે તે બાર વ્રતધારી શ્રાવક થયો. અનેક ભવ્ય જીવોને પ્રતિબોધી જૈન ધર્મની પ્રભાવના કરી સ્વર્ગે ગયા. આ પ્રમાણે વિદ્યાપ્રભાવક કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી**હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજે વિદ્યાના પ્રભાવથી અઢાર દેશના મહારાજા શ્રી **કુમારપાળને** પ્રતિબોધી પરમ જૈન ધર્મી બનાવી જગતમાં દયા ધર્મનો વિજય વાવટો રોપ્યો. શાસનનો ઉદ્યોત કર્યો. આવા સૂરીશ્વરને ક્રોડો વાર વંદણા હો. અને શ્રી હેમચંદ્રસૂરીશ્વર શ્રી સંઘને કલ્યાણને અર્થે થાઓ.

---

**અમદાવાદમાં મળેલી સર્વ ધર્મ પરિષદમાં તા. ૨૮-૪-૪૭ નાં રોજ વિદ્વાન મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે જૈન દર્શન સંબંધી કરેલ પ્રેરક પ્રવચન.**

ધર્મ પરિષદ મળે છે. એ નવી વસ્તુ નથી. બૌદ્ધ, વૈદિક, જૈન ગ્રંથો જોતાં આપણને લાગશે કે આપણા ઋષિ મહર્ષિઓને આની માહિતી હતી. પહેલાંના સમયમાં રાજાઓના દરબારમાં ધર્મસચિવો રાખવામાં આવતા જે રાજધર્મ પ્રજાધર્મની પૂરી ખબર રાખતા. પ્રાચીન કાળના ઉત્સવોમાં પણ અનેક વિદ્વાનો એકત્ર થઇ ધર્મચર્ચા કરતા, ધર્મ નિર્ણય કરતાં. આજે આપણે જુદી જુદી દિશામાં જોઇએ છીએ. રાજક્રાન્તિ સાથે ધર્મક્રાન્તિ પણ જરૂરી છે. ધર્મના સિદ્ધાંતોનો સમન્વય સાધી રાજનીતિ ઘડવામાં આવે તો જ તે સફળ થાય. પ્રાચીન ધર્મગ્રંથોના કેટલાક સિદ્ધાંતો આજે પણ અચલ છે. એ જ સૂક્ષ્મ દૃષ્ટિએ આપણે આગામી રાજનીતિ ઘડીએ તો તે વધુ સંગીન, વધુ ચિરસ્થાયી બનશે, નહિ તો વિસંવાદીતા ઉત્પન્ન થશે.

ધર્મ અને નીતિની વ્યાખ્યા એ છે કે નીતિ એટલે સમપર્ણું, અને ધર્મ ઉદાર તત્વ છે; એ જીવનનું ઘડતર કરે છે, અને એનું મહત્વનું કાર્ય એ જ છે.

ઉદાર તત્વને નહિ કેળવી શકીએ અને કર્તવ્યપરાયણ નહિ બનીએ તો અને માત્ર વ્યાખ્યાનો સાંભળ્યા જ કરીશું તો આવા પ્રસંગો નિષ્ફળ જશે.

## સ્યાદ્વાદ એ સમન્વયવાદ છે.

શ્રમણ અને તેના અનુયાયીઓએ જે સિદ્ધાન્તોનું નિરૂપણ કરેલું છે તે અનેકાન્તવાદ-સ્યાદ્વાદ છે, માનવજીવનની વિકાસની ભૂમિકા શરૂ થાય છે ત્યારે ચાર વસ્તુઓ એ ખીલવે છે. મૈત્રી, પ્રમોદ, કરુણા અને મધ્યસ્થવૃત્તિ. એ ચાર વસ્તુઓનો માનવીના જીવનમાં પૂર્ણ વિકાસ આ સ્યાદ્વાદ કરે છે; એને સમન્વયવાદ પણ કહી શકાય. જીવનમાં વ્યવહારનો કેવી રીતે ઉપયોગ થઇ શકે તે અંગે વિચાર કર્યો છે. જૈન આચાર્યોએ અનેકાન્તવાદ સમન્વયવાદ જીવનમાં ઉતારેલો હતો અને આપણે પણ જો એ જીવનમાં ઉતારીએ તો દેશ, જાત, કોમ અને ધર્મની વિસંવાદ છે, તે ટળી શકે. માટે તો છીએ ત્યાં જ ટકીશું. જૈન દર્શનોએ સમન્વયવાદને વધુ મહત્વ આપ્યું છે; અને એ માટે જૈનાચાર્યોએ ભારે જહેમત ઉઠાવી છે. જો સંપ્રદાયિકતા દૂર થાય તો જીવનમાં ક્રમશઃ પ્રગતિ સાધી શકીએ. સ્યાદ્વાદને જૈનોએ જીવનમાં ઉતાર્યો નથી. પરિણામે જૈન સમાજનું પતન થયું. એ પતન રોકવું હોય તો સમન્વયવાદના સિદ્ધાંતોને જીવનમાં ઉતારવાનું શીખજો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રગતિને પંથે.

## શ્રી શકુંતલા કાંતિલાલ ગર્લ્સ હાઇસ્કુલ, મુંબઇ.

શ્રી મુંબઇ અને માંગરોળ જૈન સભા સંચાલિત શ્રી શકુંતલા કાંતિલાલ ઇશ્વરલાલ જૈન ગર્લ્સ હાઇસ્કુલ-મુંબઈ. શ્રીમંત, મધ્યમ અને ગરીબ કુટુંબની જૈન વિદ્યાર્થીનીઓ માટે મેટ્રિક પર્યન્ત શિક્ષણ મેળવવા એક આદર્શ અને અનૂપમ વિદ્યાલય છે. ઉચ્ચ ડિગ્રીધારી, અનુભવી, સુશિક્ષિત અને સેવાભાવી બ્હેનોના સ્ટાફથી આ કન્યા મહા વિદ્યાલયનું વાતાવરણ ગુંજી રહ્યું છે. સરોવર સન્મુખ રહેલા આ સંસ્થાના ભવ્ય મકાનમાં પ્રવેશ કરનાર બાળાઓ છ કલાક શિક્ષણ મેળવી અનહદ આનંદ અનુભવે છે. શિક્ષિકાઓનો પ્રેમ, વાત્સલ્યભાવ અને શિખવવાની અપૂર્વ અને સુરૂચીકર ઢબ બાળિકાઓના મન જીતી લે છે. આ સંસ્થાનો છેલ્લા આઠ વર્ષમાં ખૂબ જ વિકાસ થયો છે. અહર્નિંશ સેવા અને દાન ભાવનાથી રંગાયેલા જૈન સમાજના જ્યોતિર્ધરનો સહયોગ આ સંસ્થાને સાંપડતા એની આખી કાયા પલટાઈ ગઇ છે. જૈન સમાજની સ્ત્રી કેળવણીના ક્ષેત્રમાં અજબ ક્રાંતિ લાવનાર સેવાભાવિની શક્તિ કેટલું કાર્ય કરી શકે તે નિહાળવું હોય તો આ સંસ્થાના ઇતિહાસને તપાસો અને જણાશે કે લાખો રૂપીઆની ઢગલા દ્વારા જ્ઞાનગંગાનું નિર્મળ જળ અહિં વહેવડાવવામાં આવ્યું છે. અત્યારે સાતસો બાળાઓ છે. આવક કરતાં ખર્ચ વધુ છે. વીસથી પચીસ હજારની ચાલુ ખોટ આવે તેમ છે છતાં કેળવણીના કાર્યમાં પાછળ હઠવાનું હોય જ નહિં. એમાં તો આગળ ધપવાનું જ હોય. સેંકડોની સંખ્યામાં દાખલ થવા આવતી બાળાઓને ના કેમ પડાય? સરસ્વતી મંદિરના દ્વાર ખખડાવતી કન્યાઓને તો આવકાર જ હોય. ખર્ચાદિની ગણત્રી જરાયે ન કરતાં લગભગ પોણા-બસો જેટલી નવી બાળાઓને દાખલ કરી એટલું જ નહિં પણ એક ડિવીઝન અંગ્રેજી ફર્સ્ટમાં વધારવા નિર્ણય કરવામાં આવ્યો. આ રીતે આશરે સારી સંખ્યામાં બાળાઓ ધાર્મિક અને વ્યવહારિક જ્ઞાન મેળવશે. આટલેથી બસ નથી. કાર્યવાહકોના કોડ ક્રમે ક્રમે ૧૦૦૦-૧૨૦૦ સુધી બાળાઓને શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવાની છે. આ મહત્વાકાંક્ષા ઉચ્ચ અને અનુમોદનીય છે. આવતા વર્ષથી કટિંગ અને રાંધવાનું શિખવવા યોજના થઇ રહી છે. ખર્ચના પૈસા તો મળી રહેશે, તેની ખાતર કાંઇ પ્રગતિ અટકાવાય? બાળાઓને પાછી કેમ મોકલાય? મફત શિક્ષણ લેવા આવનારને સૌ પ્રથમ ચાન્સ આપો. આ અને એવા પરોપકારમય વિચારોથી સદૈવ જેના અંતર ઉભરાતા હોય ત્યાં ખોટ શામાટે રહેવી જોઇએ? અહીં તો પાઇએ પાઇ લેખે લાગે છે, સદ્વ્યય થાય છે, બાલિકાઓના જીવનઘડતરના કાર્ય પાછળ જોઈએ તે માટે માંગણીઓ કરવી પડે એ ન સમજાય તેવી વાત છે. અહિં તો ધનના ઢગલા જ થવા જોઇએ- વિના માંગ્યે સંસ્થાના ચરણે લાખો ખનખનાટ કરવા જોઇએ. આ સંસ્થામાં તો કોમની ભવિષ્યની આશા સમાયેલી છે તેની દ્યુતિ અનોખી છે. સેવા ભાવનાથી ઓતપ્રોત છે. આપનો ઉદાર ફાળો મંત્રીઓને મોકલી કૃતકૃત્ય થાઓ. એમાં દાન ભાવના કરતાં ફરજ અદા કરવાની આકાંક્ષા રાખો. પછી જુઓ એનાં પરિણામો. શાસનદેવ એને વધુ વિકસાવે અને એનાં ભંડાર ભરપૂર કરે એવી પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આનંદઘનજીકૃત

લેખક—શ્રીયુત લાલન.

## શ્રી મહાવીરસ્વામીનું સ્તવન.

**સૂચના:**—શ્રી વીરપ્રભુના આ સ્તવનમાં જે ભાવ ચિત્રિત થયો છે તેને સ્પર્શવાનો પ્રકાર આમાં આપેલો છે.

જૈન દર્શનમાં બે પ્રકારની માન્યતા છે એટલે કે દેવર્ધિગણી ક્ષમાશ્રમણ જેઓશ્રી આગમાનુસાર **સમયાન્તરે** દર્શન ઉપયોગ અને જ્ઞાનોપયોગ વર્ણવે છે. એ પ્રકારનો ભાવ આમાં ચિત્રેલ છે.

( અને સિદ્ધસેન દિવાકર—જેઓશ્રી દર્શનઉપયોગ અને જ્ઞાનોપયોગ–જૈન તત્ત્વજ્ઞાનની અપેક્ષાએ એક જ સમયે ગણે છે. એ પ્રકારનો ઉપદેશ આ સ્તવનમાં નથી એટલે કે, તેઓ એક જ સમયે ( યુગપત્ ) જ્ઞાન–દર્શન ઉપયોગને ગણે છે.

આ ઉભય પ્રકારની માન્યતા હાલતું જૈન દર્શન અપેક્ષાએ માન્ય રાખે છે અને શિષ્ટ ગ્રંથકારો અને તેના વાચક અભિલાષીઓ બંનેને માન આપી જણાવે છે કે–તત્ત્વ કેવલીગમ્ય. )

**ઉત્થાનિકા:**—જિજ્ઞાસુ સેવક પ્રભુના ઉભય સ્વરૂપમાંથી કયા સ્વરૂપનું ધ્યાન કરી શકે ? તેનો પ્રકાર આ ગાથામાં આપેલો છે.

**ગાથા ૧ લી:—**

**ચરમ જિણેસર વિગત સ્વરૂપનું રે,**
**ભાવું કેમ સ્વરૂપ;**
**સાકારી વિણ ધ્યાન ન સંભવે રે,**
**એ અવિકાર અરૂપ. ચરમ૦ ॥ ૧ ॥**

**અર્થ:**–ચરમ જિનેશ્વર શ્રી મહાવીરસ્વામી આપનું સ્વરૂપ જે વિગત સ્વરૂપનું એટલે અરૂપી છે તેનું ધ્યાન હું જિજ્ઞાસુ સેવક કેમ કરી શકું ? કારણ કે ધ્યાન તો આપના સાકાર સ્વરૂપનું સંભવિત છે અને આપ તો વિકાર રહિત અરૂપી છો.

**ભાવોદ્ઘાટન:**—આત્મ દ્રવ્ય અને આત્માના ગુણપર્યાય એ બંનેમાંથી જ્યારે આત્મ દ્રવ્યનો અનુભવ કરવો હોય ત્યારે મન, વચન, કાયાના યોગનો નિષેધ કર્યા વિના ધ્યાન થઇ શકે નહિ કારણ કે, એ સ્વરૂપ નિર્વિકલ્પ છે માટે જિજ્ઞાસુ ભક્ત કહે છે કે, આપના ગુણ પર્યાય રહિત રૂપ સ્વરૂપનું મને દર્શન કરાવો કે જેનું ધ્યાન હું કરી શકું.

**નોંધ:**—સાકાર ઉપયોગ એ જ્ઞાન છે અને નિરાકાર ઉપયોગ એ દર્શન છે. આત્માના અનંત ગુણોમાં આ બંને ગુણો યથાર્થ અનુભવવા એ જૈનધર્મ અને જૈન તત્ત્વજ્ઞાનને સમજવાની કુંચી છે.

**ઉત્થાનિકા:**—નીચેની ગાથામાં પ્રભુના સાકાર સ્વરૂપની અને નિરાકાર સ્વરૂપની વ્યાખ્યા છે.

**ગાથા ૨ જી:—**

**આપ સ્વરૂપ આતમમાં રમે રે,**
**તેહના દ્યુર બે ભેદ;**
**અસંખ ઉક્કોસે સાકારી પદે રે,**
**નિરાકારી નિરભેદ. ચરમ૦ ॥ ૨ ॥**

**અર્થ:**—આપ પોતાના સ્વરૂપમાં રમી રહ્યા છો તેના બે પ્રકાર છે. એક તો સાકાર અને બીજો નિરાકાર. આપ જ્યારે જિનેશ્વર તીર્થંકરરૂપ છો ત્યારે આપના આત્મપ્રદેશો ઉત્કૃષ્ટ ભાવે સાકાર છે અને જ્યારે આપ સિદ્ધ પદનો અનુભવ કરી રહ્યા છો ત્યારે ભેદ રહિત નિરાકાર છો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નોંધઃ**—સર્વ સિદ્ધ જીવો પૃથક પૃથક હોવા છતાં ભેદ રહિતપણે સમાન છે.

**ઉત્થાનિકાઃ**—જૈન શૈલીએ નિરાકાર સાકારનું આ સ્વરૂપ છે.

**ગાથા ૩ જીઃ**—

**સૂખમ નામ કરમ નિરાકાર જે રે,**
**તેહ ભેદે નહીં અંત;**
**નિરાકાર જે નરગતિ કર્મથી રે,**
**તેહ અભેદ અનંત. ચરમ૦ ॥ ૩ ॥**

**અર્થઃ**—સૂક્ષ્મ નામકર્મવાળા જીવો વ્યવહારરાશીમાં નહિ હોવાથી નિરાકાર ગણાય તેમજ કર્મથી રહિત એવા સિદ્ધ જીવો જે અનંત છે તે સ્વરૂપે નિરાકાર ગણાય.

**નોંધઃ**—આમાં નરગતિ અને નિર્ગતિ એવા બે પાઠ મુદ્રિત પુસ્તકોમાં જોવામાં આવે છે. હવે જો નિર્ગતિ લઇએ તો જેમ નિગોદના જીવો સૂક્ષ્મ નામકર્મથી અત્યંત સૂક્ષ્મ હોવાથી નિરાકાર ગણાય તેમ સિદ્ધના જીવો કર્મ રહિત હોવાથી નિરાકાર ગણાય એટલે જયાંસુધી કર્મનું સ્થાન ધર્મ ન લહે ત્યાંસુધી નિરાકારનું સ્વરૂપ સમજાય નહિ. હવે જો નરગતિ એવો પાઠ લઇએ તો નિગોદના જીવો કર્મથી સાકાર છે અને તીર્થંકરના જીવો આત્મધર્મથી સાકાર છે.

**ઉત્થાનિકાઃ**—નિશ્ચયથી શુદ્ધાત્માનું સ્વરૂપ-આત્મ દ્રવ્યનું સ્વરૂપ નીચલી ગાથામાં દેખાડે છે.

**ગાથા ૪ થીઃ**—

**રૂપ નહીં કઇયેં બંધન ઘટયું રે,**
**બંધન મોક્ષ ન કોય;**
**બંધ મોક્ષ વિણ સાદિ અનંતનું રે,**
**ભંગ સંગ કેમ હોય ? ચરમ૦ ॥ ૪ ॥**

**અર્થઃ**—જેને રૂપ નથી તેને બંધ ઘટયું કે બંધ વધ્યું એ હવે ન હોય કારણ કે, શુદ્ધાત્મામાં બંધ મોક્ષ નથી, જે સાદિ અનંત એવો આત્મા અભંગ આત્માને બંધ અને મોક્ષ એવા ભંગ કયાંથી હોય ? અર્થાદ્ શુદ્ધ નયે આત્મા અનાદિ અનંત બંધ રહિત છે.

**નોંધઃ**—ભંગ કર્મના છે. ધર્મ હંમેશાં અભંગ છે. જેમ સૂર્યમાં સદા દિવસ જ છે. રાત્રી દિવસ એવા ભંગ નથી તેમ. સિદ્ધમાં કર્મ-ધર્મ એવા ભેદ નથી પણ ધર્મ જ આત્મધર્મરૂપે છે.

**ઉત્થાનિકાઃ**—આ ગાથામાં અરૂપી આત્માનું અસ્તિત્વ એટલે હોવાપણું જણાવ્યું છે.

**ગાથા ૫ મીઃ**—

**દ્રવ્ય વિના તેમ સત્તા નવિ લહે રે,**
**સત્તા વિણ શો રૂપ;**
**રૂપ વિના કેમ સિદ્ધ અનંતતારે,**
**ભાવું અકલ સ્વરૂપ. ચરમ૦ ॥ ૫ ॥**

**અર્થઃ**—જેને પુદ્ગલ જેવું રૂપ નથી અર્થાત્ આત્મપ્રદેશે વર્ણ, ગંધાદિનું રૂપ નથી એટલે અરૂપી ગણાય છે પણ સત્તાથી એ દ્રવ્ય છે, પદાર્થ છે અને સત્તા એટલે અસ્તિત્વ વિના દ્રવ્ય ન હોય.

**નોંધઃ**—જો આત્મા ન હોય તો પછી પોતાને અને પુદ્ગલને જાણનાર કોઇ ન હોય ? અને જાણનાર તો ઉભયનો છે, તો પછી વર્ણાદિરૂપ વિનાનો પણ સચેતન સ્ફટિકની પેઠે આત્મા પોતાની સત્તાથી એટલે અસ્તિત્વથી છે જ.

**ઉત્થાનિકાઃ**—જયાં સુધી શુદ્ધ આત્મામાં તે તદાત્મપણું ન પામે ત્યાં સુધી જીવનું ભેદાભેદપણું ગણાય.

**ગાથા ૬ ઠ્ઠીઃ**—

**આત્મતા પરિણતિ જે પરિણમ્યા રે,**
**તે મુજ ભેદાભેદ;**
**તદાકાર વિણ મારા રૂપનું રે,**
**ધ્યાવું વિધિ પ્રતિષેધ. ચરમ૦ ॥ ૬ ॥**

**અર્થ**—જે શુદ્ધ આત્માની પરિણતિએ પરિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણુમ્યા છે તે સાથે મારું સ્વરૂપ પણ નિશ્ચયથી તેવું જ છે. પરંતુ વ્યવહારથી એટલે પર્યાયથી તેના જેવું થયું નથી એટલે અમારો અભેદ છતાં ભેદ પણ છે અને જ્યારે દ્રવ્યે અને પર્યાયે, એ ઉભયે, હું શુદ્ધ આત્મા જેવો તદાકાર થાઉં ત્યાં સુધી મારો ભેદ અને અભેદ જણાય જ.

ઉત્થાનિકા:—આ અંતિમ ગાથામાં ક્ષાયિક સમકિતથી નિશ્ચય આનંદઘનરૂપ આત્માની જાગૃતિ દેખાડી છે.

**ગાથા ૭ મી—**

**અંતિમ ભવ ગહણે તુજ ભાવનું રે,**
**ભાવ શું શુદ્ધ સ્વરૂપ;**
**તદાયેં આનંદઘન પદ પામશું રે,**
**આતમ રૂપ અનૂપ. ચરમ૦ ॥ ૭ ॥**

**અર્થ:**—જ્યારે શૈલેશીકરણ કરી નવીન ભવનું આગમન અટકાવીશ ત્યારે અંતિમ ભવ ગ્રહણમાં તમારા ભાવનું શુદ્ધ સ્વરૂપ હું ભાવીશ અને તે વખતે આત્માનું અનુપમ એવું આનંદઘન પદ અર્થાત્ સિદ્ધપદ પામશું.

## "સુધારો."

આત્માનંદ પ્રકાશ પુ૦ ૪૪, અંક ૧૦ અમારા માનવંતા પેટ્રન સાહેબના જીવનચરિત્ર માટે.

### ( પારેગ્રાફ બીજો. )

૧ શ્રીયુત કેશવલાલભાઇ કેળવણી લીધાબાદ પિતા શ્રી લલ્લુભાઇ સાથે મીલ લાઇનમાં જોડાયા હતા અને ૨ તેઓએ શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક બોર્ડીંગનું અમદાવાદમાં પોતાના જૈન જ્ઞાતિબંધુઓની મદદથી આદ્ય સ્થાપન કર્યું હતું.

### ( પારેગ્રાફ ત્રીજો. )

૩ શેઠ કેશવલાલભાઈના બાપદાદા( પૂર્વજો )નો વેપાર ઝવેરાતનો હતો, છતાં શ્રીયુત કેશવલાલભાઇએ ઝવેરાતને બદલે પ્રથમથી જ મીલ ઉદ્યોગનો વેપાર શરૂ કરેલો છે, જેથી ઝવેરી એસોસીએસનના પ્રમુખ પોતે નહોતા.

૪ જ્ઞાતિના બાલક બાલિકાઓને સ્કુલ, કોલેજ ફી તથા ભણવાની બુકો વગેરે આપવામાં લક્ષ્મીનો સદ્વ્યય કરે છે.

ઉપર પ્રમાણે સુધારી જીવનપરિચય વાંચવો.

# વર્તમાન સમાચાર.

## આ સભાનો ૫૧ મો વાર્ષિક મહોત્સવ અને શ્રી ગુરૂદેવ જયન્તિ.

આ મ સના જેઠ શુદી ૭ સોમવારનાં રોજ સભાની વર્ષગાંઠ હોવાથી, અને તે બાવનમા વર્ષમાં પ્રવેશ કરતી હોવાથી દર વર્ષ મુજબ સભાના મકાનમાં શ્રીયુત ભોગીલાલભાઇ લેકચર હોલમાં સવારનાં ૯ કલાકે પ્રભુ પધરાવી પ્રાતઃસ્મરણીય ગુરૂદેવ **શ્રી વિજયાનંદસૂરીશ્વરજી** મહારાજનું સર્વે સભાસદોએ પૂજન કર્યા બાદ, શ્રી નવપદજી મહારાજની પૂજા સુંદર રાગરાગણિથી ભણાવી હતી, અને તે નિમિત્તે વોરા હઠીસંગભાઇ ઝવેરચંદના તરફથી આવતી વ્યાજની રકમમાંથી થતું જમણવાર દરબારશ્રીના ધારા મુજબ બંધ રાખવામાં આવેલ હતું. પરંતુ પ્રભાવના કરવામાં આવી હતી.

બીજે દિવસે મંગળવારના રોજ ગુરૂદેવની સ્વર્ગવાસ તિથિ હોવાથી તેઓશ્રીના સંસ્મરણો સાથે ગુણગ્રામ કરી સ્વર્ગવાસ જયન્તી ઉજવવામાં આવી હતી.

### ફાલના વિદ્યાલયની ઉદ્ઘાટન ક્રિયા.

શ્રી પાર્શ્વનાથ ઉમેદ જૈન બાલાશ્રમ જ્યારથી જલપ્રલય પછી ગોડવાલની કમિટીએ તેમની ફાલનામાં એક વિશાલ બાદશાહી ઇમારત તૈયાર કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈશાખ વદ ૨ ના દિવસે તેની ઉદ્દઘાટન ક્રિયા શેઠ કુશલચંદ શામજી ધારીવાલ એજંટના શુભ હસ્તે થઇ. શેઠશ્રીએ સંસ્થાને રૂા. ૩૦૦૦) ત્રણ હજારથી વધુની ભેટ આપી. બાલીવાલા શેઠ સાગરમલજીએ મોટા હોલ પર પોતાનું નામ રાખવા રૂા. ૮૦૦૦) આઠ હજારથી વધુ આપ્યા. આવી રીતે રૂા ૪૨૦૦૦) નું ફંડ તેજ દિવસે થયું.

આ પ્રસંગે આચાર્યશ્રી વિજયલલિતસૂરિજી તથા મુનિરાજશ્રી કર્પૂરવિજયજી તથા મુ. વિબુધ વિ. તથા મુનિશ્રી વિશારદવિજયજી તથા મુનિશ્રી પ્રકાશ-વિજયજી આદિ બહોલા પ્રમાણુમાં મુનિ મહારાજાઓ પધાર્યા હતા. તેમના ઉપદેશથી આ બાદશાહી મદદ સંસ્થાને મળી છે. સાંડેરાવનિવાસી શ્રી સરદારમલજી કેરીંગજીના તરફથી એક નવીન ચાંદરણી કે જેની કીંમત પંદર હજારની અંકાય છે તે રૂા. ૧૦૦૦) સાથે એક હજાર રોકડા સંસ્થાને ભેટ આપ્યા છે.

---

સ્થળ.
૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ
મુંબઇ નાં. ૩

### ડાહ્યાભાઈ બાલાભાઈ કોરા નિબંધમાળા

## ઈનામી હરિફાઈ.

**વિષયઃ**—આધુનિક સમયને અનુલક્ષીને જૈન ધર્મ અને સમાજ ( ચતુર્વિધ સંઘ ) નો ઉત્કર્ષ કેમ થાય ?

**ઇનામ:**—આ વિષય ઉપર એકત્ર થયેલા નિબંધોમાંથી સૌથી સારો નિબંધ લખી મોકલનારને રૂા, ૧૫૦) નું ઇનામ આપવામાં આવશે.

આ હરીફાઇમાં માત્ર જૈનો જ ભાગ લઇ શકશે. ચાલુ વર્ષનાં ઓગસ્ટ માસની આખરી તારીખ સુધીમાં જે નિબંધ મળ્યા હશે તેટલા નિબંધો જ હરીફાઇમાં સામેલ કરવામાં આવશે.

નિબંધો તપાસવા અને ઇનામો નક્કી કરવા માટે એક સમિતિ નીમવામાં આવી છે. જેનો નિર્ણય છેવટનો ગણાશે.

જૈન સમાજનાં વિદ્વાન અને અનુભવી ભાઇ બ્હેનોને નિબંધ મોકલવા માટે શ્રી મુંબઇ જૈન યુવક સંઘનાં મંત્રીઓ તરફથી વિનંતિ.

---

### આ સભા માટેનો હર્ષોદ્દગાર.

શ્રી આત્માનંદ પ્રકાશ મોટે ભાગે વિદ્વાન તેમજ શ્રદ્ધાળુ વર્ગમાં સારા પ્રમાણમાં વંચાય છે. તે હેતુથી શાળા અંગેની પ્રવૃત્તિથી વાકેફ કરવા અને નાણા અંગેની અપીલ મોકલાવી છે. શાળામાં આ સાલ સાડી આઠસો કન્યાઓ લાભ લેશે. આવી મોટી સંખ્યામાં જૈન કોમની કન્યાઓ એક જ ઠેકાણે જ્ઞાનનો લાભ લે એ દૃષ્ય જ ખૂબ અભિમાન લેવા જેવું છે. આ સાથેની અપીલને જરૂર આત્માનંદ પ્રકાશમાં સ્થાન આપશો.

લી. આપનો

**કાન્તિલાલ ઇશ્વરલાલ મુંબઇ**

---

( વિજાપુર ) શેઠ રામચંદજી દેવીચંદજી મોટા ખરચે ( જલમંદિર ) પાવાપુરીનું મંદિર બંધાવે છે તેના ખાતમૂહુર્તને માટે આચાર્ય મહારાજ શ્રીમદ્વિજયલલિતસૂરિજી તથા તેના શિષ્ય સાથે પંન્યાસજી પૂર્ણાનંદવિજયજી આદિ પધાર્યા હતા.

### વડી દીક્ષા.

( વિજાપુર ) પૂજ્યપાદ્ શ્રી આચાર્ય ભગવાન શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજીના નવિન શિષ્ય મુનિરાજ શ્રી બલવંતવિજયજીની મોટી દીક્ષા વિજાપુરમાં થઇ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તૈયાર છે ! જલદી મંગાવો તૈયાર છે !

**૧ શ્રી સંઘપતિ ચરિત્ર**—પૂર્વાચાર્ય શ્રી ઉદયપ્રભસૂરિજી મહારાજે તેરમા સૈકામાં રચેલો આ ગ્રંથ જેમાં પ્રભાવનાધર્મનું અનુપમ વર્ણન, શ્રી સંઘ લઇ તીર્થયાત્રા કરવાથી થતા લાભો, શ્રી સંઘ માહાત્મય, શ્રી શત્રુંજય તીર્થની ઉત્પત્તિ અને માહાત્મયનું ગ્રંથકર્તા આચાર્ય મહારાજે જણાવેલું યથાસ્થિત વર્ણન, શ્રી આદિનાથપ્રભુ અને શ્રી નેમનાથ ભગવાનના ચરિત્રો, શ્રી ભરતચક્રવર્તી અને કૃષ્ણ વાસુદેવ, પ્રદ્યુમનકુમારની સુંદર કથાઓ, શ્રી જંબુસ્વામીનું વર્ણન, મહાતપસ્વી યુગબાહુનું વૃત્તાંત, છ ઋતુઓનું બયાન અને બીજી અનેક અંતર્ગત કથાઓ, તેમજ આચાર્ય મહારાજશ્રીના ઉપદેશથી મહામાત્ય વસ્તુપાળે શ્રી સંઘ સાથે કરેલ શ્રી શત્રુંજય, ગિરનાર મહાતીર્થોની યાત્રાનું અપૂર્વ વર્ણન, સંઘમાં શ્રી ચતુર્વિધ સંઘ અને મનુષ્યોની સંખ્યા અને વાહન રચાસતોનું જાણવા લાયક હકીકતો, શ્રી વસ્તુપાળ અમાત્યે અગણિતની સંખ્યામાં કરેલી અનુપમ સખાવતો, દાનોની નવીન જાણવા લાયક બાબતો શ્રી શત્રુંજય તીર્થ ઉપર કરેલ અપૂર્વ મહોત્સવ, દેવભક્તિ, સંઘ સેવા વગેરેનું વર્ણન આપી આચાર્ય મહારાજે આ ગ્રંથ સંપૂર્ણ કર્યો છે.

સુમારે ત્રણસેંહ ઉપરાંતપાનાનો દળદાર ગ્રંથ, સુંદર ગુજરાતી ટાઇપમાં ઉંચા કાગળો, મજબુત બાઇંડીંગઅને સુંદર ચિત્રો સહિત આકર્ષક બે રંગમાં સુંદર ઝેકેટથી તૈયાર કરવામાં આવ્યો છે. કિંમત રૂા. ૬–૮–૦ પોસ્ટેજ અલગ.

**૨. શ્રી મહાવીર પ્રભુના યુગની મહાદેવીઓ**:—જેમાં સમકાલિન ચૌદ મહા–સતીઓનું સિદ્ધહસ્ત લેખક ભાઇ સુશીલે સુંદર અલંકારિક ભાષામાં ચરિત્રો લખેલ છે. ઉંચા કાગળો સુંદર ટાઇપો, મજબુત બાઇંડીંગ, સુંદર સોનેરી કવર ઝેકેટમાં સચિત્ર તૈયાર કરવામાં આવેલ છે. ચૌદે મહાસતીઓના સુંદર ચરિત્રો ચિત્રો સહિત આપવામાં આવેલ છે. કિંમત રૂા. ૩–૮–૦ પોસ્ટેજ અલગ.

સખ્તમાં સખ્ત મોંઘવારીથી આઠ દશ ગણા ભાવો વધેલા હોવા છતાં અમો આવા સુંદર ગ્રંથો ગમે તેટલો ખર્ચ કરી સભાસદોને ભેટનો લાભ આપ્યા વગર રહેતા નથી. જે અન્ય કોઇ પણ સંસ્થા ભેટ આપી શકતી નથી, તેથીજ દિવસાનુદિવસ સભાસદોની સંખ્યામાં વૃદ્ધિ થયા કરે છે.

---

**૧ શ્રી વસુદેવહિંડી ગ્રંથ** ( શ્રી સંઘદાસ ગણિકૃત ભાષાંતર )

તત્ત્વજ્ઞાન અને બીજી ઘણી બાબતોને પ્રમાણિક ઠરાવવા સાદતરૂપ આ ગ્રંથની સુમારે પાંચમા સૈકામાં રચના થયેલી છે. મૂળ ગ્રંથનું બહુ જ પ્રયત્નપૂર્વકનું સંશોધનકાર્ય સદ્ગત મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા વિદ્યમાન સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભારતનો ઇતિહાસ તૈયાર કરવા માટે અજોડ અને બહુ જ પ્રાચીન ગ્રંથ છે. દરેક જૈન જૈનેતર સાક્ષર અને સાહિત્યકારની પ્રશંસાને પાત્ર થયેલ આ ગ્રંથ છે. આવા બહુ મૂલ્ય ગ્રંથનું ભાષાંતર વિદ્વાન રા. રા. ભોગીલાલ જ. સાંડેસરા એમ. એ. અમદાવાદવાળા પાસે તૈયાર કરાવેલ છે. ખરેખરી જ્ઞાનભક્તિનું આ ઉત્તમોત્તમ કાર્ય છે. આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી અનેક જાણવા યોગ્ય વિષયો અને કથાઓ આવેલી છે. શુમારે છશેંહ પાનાનો ગ્રંથ કપડાનું પાકું બાઇન્ડીંગ સુંદર સચિત્ર કવર ઝેકેટ સાથે કિંમત રૂા. ૧૨–૮–૦ પોસ્ટેજ અલગ.

૨ **શ્રી શાંતિનાથ ચરિત્ર**–સચિત્ર ભાષાંતર છપાય છે. જે બંને ગ્રંથોની કિંમત શુમારે અઢાર રૂપીઆ થવા જાય છે. તે બંને ગ્રંથો અમારા માનવંતા લાઇફ મેમ્બરોને આસો માસ લગભગ ભેટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

મોકલવામાં આવશે. જેઠ માસની આખર સુધીમાં નવા થનાર લાઈફ મેમ્બરોને જ માત્ર આ ગ્રંથનો લાભ ધારા પ્રમાણે આપવામાં આવશે.

**આ બંને ગ્રંથો અમારા પેટ્રન સાહેબો અને લાઈફ મેમ્બર બંધુઓને આશો માસ લગભગ ધારા પ્રમાણે ભેટ મોકલવામાં આવશે જેથી તેઓ સાહેબોએ હાલ મંગાવવા નહિં.**

**( તૈયાર થાય છે )**

---

## અમારી સભા તરફથી થયેલી નવી યોજના.

### ( સમર્થ તાર્કિકચક્રવર્તી )

### શ્રી સિંહસૂરવાદીગણિક્ષમાશ્રમણ વિરચિત.

## द्वादशारनयचक्रटीका.

નયવાદપારંગત તાર્કિકશિરોમણિ આચાર્ય શ્રી મલ્લવાદીપ્રણીત **द्वादशारनयचक्र** મૂલ ગ્રંથ કે જે ભાષ્યસ્વરૂપ છે, તે તો આજે અપ્રાપ્ય છે-કયાંય એ ગ્રંથ મળતો નથી. આજે તો એ જૈન દર્શન પ્રભાવક સમર્થ દાર્શનિક ગ્રંથની માત્ર **श्रीसिंहसूरवादिगणिक्षमाश्रमण** કૃત ટીકા જ મળી શકે છે. એ ટીકા પણ અતિ અશુદ્ધ અને ભ્રષ્ટસ્વરૂપ થઇ જવાને લીધે તેની એક શુદ્ધ હસ્તપ્રતિ ન્યાયાચાર્ય શ્રી યશોવિજયોપાધ્યાયે પોતાના હાથે કરી હતી. પરંતુ આજે એ પ્રતિ પરિચિત કોઈ ભંડારમાં જોવામાં નથી આવતી. એટલે એ પ્રતિ ઉપરથી લખાએલા અતિવિષમ રીતે ભ્રષ્ટ થએલા જે આદર્શો જોવામાં આવ્યા છે, તે બધાયને એકત્ર કરી તેના આધારે પ્રસ્તુત ગ્રંથના પ્રકાશનની યોજના હાથ ધરવામાં આવી છે. આ ગ્રંથના સંશોધન અને સંપાદનને લગતું અતિગંભીર કાર્ય પૂજ્યપાદ મહારાજ **શ્રી પુણ્યવિજયજી**ની દેખરેખ અને સાન્નિધ્યથી વયોવૃદ્ધ ચિરદીક્ષિત શાંતમૂર્તિ તપસ્વી આચાર્યપ્રવર શ્રી ૧૦૦૮ **શ્રી સિદ્ધિસૂરીશ્વરજી** મહારાજના પ્રશિષ્ય મુનિવર્ય **શ્રી ભુવનવિજયજી**ના વિદ્વાન્ શિષ્ય **મુનિ શ્રી જંબૂવિજયજી મહારાજ** કરી રહ્યા છે.

પ્રસ્તુત મહાન્ ગ્રંથના સંશોધન માટે એની અનેકાનેક પ્રાચીન પ્રતિઓ એકત્ર કરવામાં આવી છે એટલું જ નહિ પરંતુ તે ઉપરાંત અનેકાનેક પ્રાચીન પ્રાચીનતમ દુર્લભ દાર્શનિક મુદ્રિત તેમજ હસ્તલિખિત ગ્રંથો વગેરે વિશિષ્ટ સાધન સામગ્રી એકત્ર કરી પ્રસ્તુત ગ્રંથને શુદ્ધતમ બનાવવા માટે પ્રયત્ન કરવામાં આવે છે–આવશે.

---

## અમારૂં નવું ગુજરાતી પ્રકાશન કાર્ય.

### શ્રી શ્રેયાંસનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) ( શ્રીમાનતુંગાચાર્યકૃત. )

ઉપરોક્ત અગ્યારમા તીર્થંકર ભગવાનનું સુંદર ચરિત્ર, સચિત્ર, ઉંચા કાગળો સુંદર ગુજરાતી અક્ષરો, પાકું બાઇડીંગ બેરંગી કવર જેકેટવડે સુશોભિત અનેક બીજી અંતર્ગત કથાઓ, વિવિધ વર્ણનો સાથેનો આ ગ્રંથ છપાવવાનું કાર્ય શરૂ કરેલ છે. જેમાં આર્થિક સહાયની જરૂર છે. આર્થિક સહાય આપનારનો ફોટો, જીવન ચરિત્ર અને ધારા પ્રમાણે અમુક નકલો ભેટ આપવામાં આવશે. અમારા સુંદર પ્રકાશનો માટે વિશેષ લખવાની જરૂર નથી. લખોઃ–**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only